દર્શન

જ્ઞાન

# બુદ્ધિપ્રભા




વંદન હો ! યોગનિષ્ઠ, કર્મયોગી, અધ્યાત્મજ્ઞાન દિવાકર
વિશ્વવિરલ, દિવ્ય વિભૂતિને !... .... ....

સંસ્થાપક-પૂજ્યપાદાચાર્ય પ્રશાન્તાત્મા શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજીના સાનિધ્યમાં
તેઓશ્રીના શિષ્યરત્ન ન્યાસપ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્ય.

બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ
સ્થંભતીર્થ (ખંભાત)

એપ્રિલ - ૧૯૬૦
વર્ષ ૧ અંક ૬

ચારિત્ર

તપ

# આવશ્યક માહિતી

૧ "બુદ્ધિપ્રભા" દર મહિનાની ૨૦ મી તારીખે પ્રગટ થાય છે.

૨ બને તેટલું ટુંકુ અને મુદ્દાસર કાગળની એક બાજુ ફુલસ્કેપ કાગળમાં ચોખ્ખા અક્ષરે શુદ્ધ લખાણ મોકલી આપવું.

૩ દર અંકે જૈન જગતના સમાચાર આપવામાં આવશે.

૪ વાર્ષિક લવાજમ તથા લેખ, સમાચાર વિ. મોકલવા માટે અને તે અંગેનો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

**બુદ્ધિપ્રભા કાર્યાલય**
C/o. પંડિત છબીલદાસ કેસરીચંદ
દાદા સાહેબની પોળ, **ખંભાત.** (W. R.)

## વિષય દર્શન


| નં. | વિષય | | લેખક | પેજ |
|---|---|---|---|---|
| ૧ | મહાવીર જન્મ ગહુંલી ( કાવ્ય ) | .... | પ. પૂ. મુ. મ. શ્રી દુર્લભસાગરજી | ૧ |
| ૨ | ભજ મહાવીર ( કાવ્ય ) | .... | શ્રી રસીકલાલ કેશવલાલ | ૨ |
| ૩ | ભગવાન મહાવીરનો સંદેશ ( સુવાક્યો ) | .... | પ. પૂ. મુ. મ. શ્રી ત્રૈલોક્યસાગરજી | ૩ |
| ૪ | મુક્તિ રાહ બતાવ ( કાવ્ય ) | .... | શ્રી વિનોદચંદ્ર હેમચંદ શાહ | ૪ |
| ૫ | વર્ષીતપનાં પારણાં ( લેખ ) | .... | શ્રી નિર્મળ | ૫ |
| ૬ | રાજાધિરાજ ( વાર્તા ) | .... | શ્રી પ્રકાશ જૈન ( પ્રેમદીપ ) | ૭ |
| ૭ | દૂર દૂર દૂરના દરવેશ! હો યોગીન્દ્ર (લેખ) | .... | શ્રી નાગકુમાર મકાતી | ૧૧ |
| ૮ | અહંકાર ( લેખ ) | .... | પ.પૂ. આ.મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી | ૧૨ |
| ૯ | વંદન હો, મહાવીરની મહાવીરતાને (લેખ) | .... | શ્રીમતી હસુમતી સરવૈયા<br>કુ. નિર્મળકુમારી ગીરધરલાલ | ૧૩ |
| ૧૦ | નવકારમંત્રનો મહિમા | .... | કુ. પ્રજ્ઞાબેન ધરમશી | ૧૪ |
| ૧૧ | પદ્મપરાગ ( ચિંતણીકા ) | .... | શ્રી રાજેશ | ૧૫ |
| ૧૨ | આત્માનું મુક્ત ઉડ્ડયન ( લેખ ) | .... | શ્રી ભોગીન ભરવાડા (તરંગી) | ૧૭ |
| ૧૩ | અજબ ઘટના! ( સત્યઘટના ) | .... | વિજયાબેન શાહ | ૧૯ |
| ૧૪ | વિદ્યુત્વાણી | .... | શ્રી નટવરલાલ એસ. શાહ | ૨૦ |
| ૧૫ | શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ | .... | શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ | ૨૧ |
| ૧૬ | શાસન સમાચાર | .... | — | ૨૨ |
| ૧૭ | નામાવલી ( શ્રી દાણી ) | .... | — | ૨૩ |

श्रीमन्तं ज्ञानवन्तं विशदमतिमतां संमतं चारमूर्तिम्, सौभाग्यैकं प्रधानं प्रवरसुखदं सर्वशास्त्रप्रवीणम्।
शुद्धानंदप्रकाशं विबुधजनवरकर्मभूमिखनित्रम्। बुद्ध्यब्धि सूरिवर्यं स्मरत भविजनाः सद्गुरुं दिव्यरूपम्॥

# બુદ્ધિપ્રભા (માસિક)

તંત્રીઓ પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી, શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા

વર્ષ ૧ લું ] પ્રેરક: મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી [ અંક ૬ ઠો

# મહાવીર જન્મની ગહુંલી

રચયિતા : **પ. પૂ મુ. મ. શ્રી દુર્લભસાગરજી**

સુપનાં દેખી દેખી જા...ગ કરતાં વિધિ વધામણાં
કુક્ષે અવતર્યો ત્રિભુવન નાથ, કરવા ધરમ પ્રભાવનાં....સુપનાં-૧

રાણી ત્રિશલા સૂતાં જાગે, ચૌદ સુપનનાં રક્ષણ કાજે
ધરતાં નવકાર જાંત્ર ધ્યાન, અખંડ જ્યોતિ જગાવતાં....સુપનાં-૨

રાય સિધ્ધાર્થની પાસે આવે, મીઠાં મધુરાં વચનો સુણાવે
પૂછતા અર્થ ફળને સાર, વિનય વાણી ધરાવતાં....સુપનાં-૩

જાનઃ પ્રફૂલિત હર્ષિત થાવે, સુપન પાઠકો તેડી બોલાવે
કરતાં વિવિધ પ્રકારે સન્માન, અંતર ઉર્મિ ધરાવતા,...સુપનાં-૪

સુવર્ણ રત્ન સિંહાસન ઠાવે, માણેક મોતી મય કનાત સુચવે
થાતા નાટા રંભ નૃત્ય ગાન, ઝુમ ઝુમ ગીતો ગવાતાં....સુપનાં-૫

પહેલે સ્વાને ગયવર દીઠો, વૃષભ બીજે લાગેશું મીઠો
સિંહ કેસરી ત્રીજે સોહાય, ચોથે શ્રી દેવી બીરાજતાં....સુપનાં-૬

પાંચમે પંચવર્ણી પુષ્પની માળા, છઠ્ઠે ચંદ્ર અતિ ઝરાળાં
સૂર્ય સાતમે ઝાક ઝમાળ, આઠમે ધ્વજા લહેરાતાં....સુપનાં-૭

કલશ નવમે રત્ન જડેલાં, પદ્મ સરોવર દસમે ભરેલો
ક્ષીર સમુદ્ર શોભે અપાર, અગ્યારમે તરંગો ઉછાળતાં....સુપનાં-૮

બારમે દિવ્ય વિમાન સોહે, રત્નનો રાશિ તેરમે મોહે,
અગ્નિ શિખા ચૌદમે પ્રસરાય, જ્વાલા જ્યોતે પ્રકાશતાં....સુપનાં-૯
એ ચૌદ સ્વપ્નો શાસ્ત્રે ઉજાળાં બુદ્ધિ ઋદ્ધિ કીર્તિ વિશાળાં
હોશે ? ત્રિભુવન તારણહાર, ચોસઠ સુરેન્દ્રોને સેવાતાં....સુપનાં-૧૦
ત્રિશલા નંદન જન્મ પાવે, મહોદય મહોત્સવ સુરગુણગાવે
વર્ત્યા, દુર્લભ જય જયકાર, છપન્ન દિકકુમારી હુલરાવતાં....સુપનાં-૧૧

# ભજ મહાવીર....

ભજ મહાવીર ભજ મહાવીર, મહાવીર ભજ તું વનમાળી...

ચંદન બાળા રાજકુમારી પણ કર્મે ભખ્યીયું દુઃખ ભારી
અભીગ્રહ લીધો તેને માટે કોઈ યોગીને ખવરાવું
ભજ મહાવીર ભજ મહાવીર... ૧

પૂન્ય બળે મહાવીર ત્યાં આવ્યા ચંદનબાળા ઉગારી
અડદના બાકુલા વ્હોરી પ્રભુએ ચંદનબાળાને તારી
ભજ મહાવીર ભજ મહાવીર... ૨

ચંડકોશીઓ નાગ બુઝાવ્યો વિષ દીધાં તેને બહુ ભારી
મહાવીર સ્વામીએ દેશના આપી ચંડકોશીને ઉગાર્યો
ભજ મહાવીર ભજ મહાવીર... ૩

પૂર્ણશ્લોક શ્રેણીકને તાર્યા મહાવીરે શીખામણ આપી
આવતી ચોવીસીમાં તીર્થંકર થાશે શ્રેણીક મહારાજા પુન્યશાળી
ભજ મહાવીર ભજ મહાવીર... ૪

સુદર્શન શેઠને સુળી ઉપરથી સીંહાસન કર્યું આપે ભારી
રાજારાણી અતિ વિસ્મય પામ્યા આપ બડા ચમત્કારી
દેવ-દુંદુભીનો નાદ થયો ને સુદર્શનની ભીડ ભાગી
ભજ મહાવીર ભજ મહાવીર... ૫

ગૌતમ ગણધર રહી ગયા ને બીજા બધા કેવળજ્ઞાની
મહાવીર સ્વામી મુક્તે જાતાં ગૌતમ થયા કેવળજ્ઞાની
ભજ મહાવીર ભજ મહાવીર... ૬

રસીકની વિનંતી ઉરમાં લેજો પ્રભુ તમોને ઉપકારી
જનમ જનમના ફેરા ટાળો મુક્તિ સુખને દો ભારી
ભજ મહાવીર ભજ મહાવીર... ૭

: રચયિતા :
શા. રસીકલાલ કેશવલાલ
પાદરા.

# ભગવાન મહાવીરનો સંદેશ

સંપાદક:—
મુનિ ત્રૈલોક્યસાગરજી

"બુદ્ધિપ્રભા"ના વાચકો સમક્ષ પ્રેરક મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી ભગવાન મહાવીરનો સંદેશો રજુ કરે છે જે જીવનમાં ઉતારવા જેવો છે. —તંત્રીઓ

૧ સુખી થવું હોય તો બીજાને સુખી કરતાં શીખો

૨ લક્ષ્મીનો સદ્વ્યય કરવો હોય તો સ્વધર્મી ભાઈ બહેનોના ઉદ્ધાર કરવામાં પ્રથમ ધ્યાન આપો.

૩ તમારા બાળકોને સદાચારી બનાવવા હોય તો ધાર્મિક અભ્યાસ કરાવો.

૪ વીતરાગના શાસન ઉપર સાચો પ્રેમ હોય તો ધર્મસ્થાનમાં રહેલા ઝગડા દૂર કરો.

૫ તમારે દુઃખ ન જોઈતું હોય તો બીજાને દુઃખી કરશો નહિ.

૬ તમારી બહેન પર કોઈ ખરાબ દૃષ્ટી કરે તે તમને ન ગમતું હોય તો તમો કોઈ બહેન પર ખરાબ દૃષ્ટી કરશો નહિ.

૭ તમો વડીલ થયા હો તો રાત્રે સર્વ કુટુંબને સદ્ઉપદેશ આપો.

૮ જ્ઞાની બનવું હોય તો બીજાને અભ્યાસ કરાવો.

૯ સન્માર્ગ જાણવો હોય તો પુસ્તકો વાંચો.

૧૦ જીવન નિર્મળ બનાવવું હોય તો સારા માણસોની સોબત કરો.

૧૧ દુરાચારી ન બનવું હોય તો ખરાબ માણસોનો સંગ કરવો નહિ.

૧૨ કુસંસ્કારોને જીવનમાં પ્રવેશ ન કરવા દેવા હોય તો નાટક સીનેમાને દેખશો નહિ.

૧૩ કુંભાર જેવું મિચ્છામિ દુક્કડં ન આપવું હોય તો પ્રતિક્રમણ કરતાં પહેલાં વેરી પાસે જઈ અંતરથી ક્ષમા માગવાનું ભૂલશો નહિ.

૧૪ તમારી નિંદા તમને ન ગમતી હોય તો તમો પણ કોઇની નિંદા કરશો નહિ.

૧૫ તમારે ભીખારી ન થવું હોય તો તમારે ત્યાં આવેલ કોઈપણ ભિક્ષુક ખાલી હાથે ન જાય તે ધ્યાન રાખશો.

૧૬ સંપ રાખવો હોય તો પ્રિય વચન બોલતાં શીખો

૧૭ વિઘ્નો નિવારણ કરવાં હોય તો દરેક કાર્ય કરતાં પહેલાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરો.

૧૮ નમસ્કાર મહામંત્રનો પ્રભાવ દેખવો હોય તો આંતરિક શ્રદ્ધાથી રટન કરો.

૧૯ તમારી વસ્તુ ચોરાતાં ન ગમતું હોય તો તમો પણ માલિકની રજા વિના લેવાની ભાવના પણ કરશો નહિ,

૨૦ ઈશ્વરને નમવાની ઈચ્છા હોય તો રાગદ્વેષ વિનાના ઈશ્વરને નમસ્કાર કરશો.

૨૧ ગુરુને નમવાની ઈચ્છા હોય તો પંચ મહાવ્રતને ધારણ કરનાર ગુરુને નમન કરશો.

૨૨ ધર્મને સ્વીકાર કરવાની ઈચ્છા હોય તો દયામય ધર્મને સ્વીકારશો.

૨૩ કુટુંબની આબાદી ઈચ્છતા હો તો ઋણ કરશો નહિ.

૨૪ સુખી જીવન જીવવું હોય તો આવક કરતાં વધારે ખર્ચ કરવો નહિ.

૨૫ બળવાન બનવું હોય તો બ્રહ્મચર્યનું પાલન કરો

૨૬ શરીરની તંદુરસ્તી રાખવી હોય તો બીડીનો સ્વાદ પણ કરશો નહિ.

૨૭ સજ્જન બનવું હોય તો સહન કરતાં શીખો.

૨૮ આબરૂનું લીલામ ન કરવું હોય તો રાજ્યની ચોરી કરશો નહિ

૨૯ જીવનમાં શાંતિ જોઈતી હોય તો દુઃખ વેઠીને પણ બીજાને શાંતિ આપો.

૩૦ જો તમો સાચા પુત્ર હો તો માતાપિતાની સેવા ભૂલશો નહિ.

૩૧ બાળકોને વિનયી બનાવવા હોય તો માતાપિતાએ પોતાના વડીલોનો વિનય કરવો ભૂલવો નહિ.

૩૨ કર્મનો ચુરો કરવો હોય તો વીતરાગની વાણીનું શ્રવણ કરો.

---

# – મુકિત રાહ બતાવ –

જ્ઞાન દીપક પ્રગટાવ મહાવીર મુકિત રાહ બતાવ,
જીવનમાં અંધકાર મચ્યો છે નથી જડતો કિનારો,
મહાવીર જ્ઞાન દીપક પ્રગટાવ... મુકિત

ઘોર સંસારે અટકી ભટકી, ઠોકર ઠેબાં ખાતો,
મોહ માયામાં પડી સડી કંઈ, હું પાપ મુખે હોમાતો, (૨)
મહાવીર જ્ઞાન દીપક પ્રગટાવ...મુકિત

ફરતા આ સંસાર ચક્રમાં, કંઈક સાહ્યબી માણી,
રખડી ભટકી આવ્યો શરણે, પ્રભુ તારો છું અનુરાગી, (૨)
મહાવીર જ્ઞાન દીપક પ્રગટાવ...મુકિત

પ્રમાદ પ્રપંચો કરી કરીને, મોજ મઝાઓ માણી,
દુઃખના રાણાં હવે રડું છું, તારો ઓ વીતરાગી, (૨)
મહાવીર જ્ઞાન દીપક પ્રગટાવ...મુકિત

જીવતર મારું એળે ગયું ને, જીવન મારું ખોયું,
વેર ઝેરના ભડકે સળગી, હૈડે લગાડી હોળી, (૨)
મહાવીર જ્ઞાન દીપક પ્રગટાવ...મુકિત

વિતરાગ તારા હૈયાના મેં હેત અમીરસ ન પીધાં.
ચરણ કમળ તારા સેવીને, મુકિત રાહ બતાવો, (૨)
મહાવીર જ્ઞાન દીપક પ્રગટાવો...મુકિત

(વિનોદચંદ હેમચંદ શાહ જુના ડીસા)

# વર્ષીતપનાં પારણાં

લેખક- નિર્મળ - ખંભાત.

દુનિયામાં જુદા જુદા પ્રકારના મનુષ્યો છે અને તે દરેક જાતના માનવીઓમાં જુદી જુદી રીતે વાર્ષિક કે માસિક પર્વોએ પણ સ્થાન લીધુંજ છે.

જૈનોનું સંવત્સરી, હિંદુઓનું જન્માષ્ટમી કે રામનવમી, ખ્રિસ્તીઓનું નાતાલ, મુસલમાનોનું...... એમ અવનવાં પર્વો જુદી જુદી કોમોમાં વ્હેંચાએલા છે. તેમ આપણી સમક્ષ આવેલા અક્ષયતૃતીયા પર્વ પણ જૈન અને હિંદુઓમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

પર્વો એ માનસિક વાચિક કાયિક અશુભ પ્રવૃત્તિઓ રૂપી કચરાને સાફ કરી આત્માને નિર્મળ બનાવવા માટેજ હોય છે.

એક મશીન હોય તેને દુરસ્ત કરવામાં ન આવે અગર સાફસુફ કરવામાં ન આવે તો તે ખરાબ થઇ જાઇ કોઇપણ ઉપયોગનું રહેતું નથી તેમ આપણા આત્મામાં પર્વોને વાસ ન આપીએ તો આત્માને નિર્મળ બનાવવા માટેની તક મળતી નથી.

આ પર્વ માટે જૈનોમાં પ્રચલિત કથા છે કે શ્રી ઋષભદેવ પરમાત્માએ સંયમ લીધો. સંયમ લીધા બાદ અનાસક્ત ભાવે જીવન ટકાવવા આહાર જરૂરીઆત આવશ્યક હોયજ પણ તે પોતાને કલ્પી શકે તેવોજ હોવો જોઇએ.

કલ્પ્ય આહાર મેળવવા માટે ઘેર ઘેર ફરે પણ કોઇ જગ્યાએ સ્ત્રીઓને સામે ધરવામાં આવે કોઇ જગ્યાએ આભુષણો સામે ધરવામાં આવે કોઇ જગ્યાએ રાજપાટ સામે ધરવામાં આવે કોઈ જગ્યાએ આહાર પણ ધરવામાં આવે પણ તે બધુંજ મુનિને અકલ્પ્ય હોય તેવુંજ ધરાવાતું હોવાથી શ્રી ઋષભદેવ પરમાત્માએ એકપણ વસ્તુને સિદ્ધાંતના ભોગે આદરણીય ગણી નહિ કારણકે-મહાપુરૂષો જીવનના ભોગે સિદ્ધાંતને સાચવે છે પણ સિદ્ધાંતના ભોગે જીવનને સાચવતા નથી.

આમ સતત વર્ષ દિવસ સુધી ચાલ્યા કર્યું પણ કલ્પ્ય આહાર ન મળ્યો તે ન મળ્યો. જૈન દર્શન ફરમાવે છે કે તીર્થંકર હોય ચક્રવર્તી હોય રાજા હોય કે રંક હોય કોઇને પોતાનુ કરેલું કર્મ ભોગવ્યા સિવાય છોડતું નથી. અને છેવટે તેમનાજ કુટુંબમાં જન્મ ધારણ કરનાર પૂર્વ જન્મના આરાધ્ય ભાવવાળા શ્રેયાંસકુમારને ફરતાં ફરતાં આવેલા ભગવાનને જોતાંજ પૂર્વ જન્મ યાદ આવ્યો અને મુનિને યોગ્ય ભિક્ષા કેવી હોય તેનો સાથે સાથે ખ્યાલ પણ આવ્યો છતાં તે વખતે પોતાના ઘેર મુનિને યોગ્યભિક્ષાની જોગવાઈ તો માત્ર ઇક્ષુરસનીજ હતી. તે ઇક્ષુરસથી ભગવંતનું વર્ષ દિવસે શ્રી શ્રેયાંસકુમારે પારણું કરાવ્યું.

ભગવાનને પારણું કરાવી શ્રેયાંસકુમારે દાન ધર્મને અક્ષય બનાવ્યો તેથી આજનું આ પર્વ અક્ષય તૃતીયા તરીકે પ્રસિદ્ધ થયું.

આજનું આ પર્વ પ્રતિવર્ષના કાર્યક્રમ પ્રમાણે આવ્યું અને જશે અને હજારો વર્ષ પૂર્વે થયેલા આદીશ્વર ભગવાનની યાદગીરી આપતું જશે ભગવાન ઋષભદેવના અનુકરણરૂપ આ પર્વમાં ઘણાં ભાઈ બ્હેનોના વર્ષીતપનાં પારણાં થઈ ગયા હશે પણ તેમાં અંશ પણ ભગવાન ઋષભદેવનો ત્યાગ ધર્મ કે શ્રેયાંસકુમારનો દાનધર્મ પોષાયો હશે તોજ તે તપશ્ચર્યા કે પર્વની સાર્થકતા છે. વર્ષીતપમાં મોટે ભાગે તપશ્ચર્યાનેજ વધારે મહત્વ અપાઈ ગયું છે.

ભગવાને તપશ્ચર્યા કરવા ખાતર વર્ષીતપ કર્યું હોય તેવું નથી. તેમણે તો પોતાના ત્યાગ ધર્મની દૃષ્ટિએ અકલ્પ્ય મળવાથી આહાર ન લીધો અને જેમ જેમ આહાર ન મળવા માંડ્યો તેમ તેમ તપોવૃદ્ધિ કરવા માંડ્યા જ્યારે આજના તપશ્ચર્યા કરતા આપણાં ભાઈ બ્હેનો પણ પોતાના તપથી રસનેન્દ્રિયની લોલુપતા ઉપર કાપ મૂક્યો છે કે કેમ? તેનાં ટકા કાઢતાં રહેશે.

આ તપશ્ચર્યાનું ખરૂં મહત્વ તો એ છે કે– રસનેન્દ્રિય ઉપર સંપૂર્ણ કાબુ આવવો જોઇએ. રસનેન્દ્રિય માગે તે આપ્યાજ કરીએ અને આંતરે દિવસે ભોજન કરવા માત્રથી વર્ષીતપ જેવી મહાન તપશ્ચર્યા કહેડાવ્યાજ કરીએ એ ભગવાન્ આદિનાથનું સાચુ અનુકરણ તો ન જ કહેવાય.

જેના નામે જે ઉદ્દેશથી વર્ષીતપ કરવામાં આવે છે તે પરમાત્માને અને તેના ઉદ્દેશને જો સાચી રીતે ન ઓળખવામાં આવે અને કેવળ દેખાદેખી કે આડંબરરૂપે કરવામાં આવતો હોય તો ખરેખર એ કરાયેલ તપશ્ચર્યા આપણી ભુલોને અંગે નિંદાનું કારણ બની જાય છે.

તે તપશ્ચર્યા એટલે રસના ઇંદ્રિય ઉપર કાબુ બે રીતે આવી શકે છે (૧) પોતે ભૂખ્યા રહીને એટલે તપશ્ચર્યા કરીને બીજાઓની ભૂખ મટાડે પણ સંગ્રહખોરી તરફ લક્ષ્ય ન રાખે (૨) કદાચ પોતે ભૂખ્યો ન રહી શકતો હોય તોપણ બીજાઓને ભૂખ્યા જોઇને જેનું હૃદય ખાવામાં કે મોજ માણવામાં તલ્લીન થઈ શકેજ નહી. ચૌદ ચૌદ માસ સુધી આંતરે દિવસે પણ પચ્ચકખાણ વાળા મોંએ તપશ્ચર્યા કરનારે પોતેજ વિચારી લેવું જોઇએ કે– આપણે ઉપરની બે કોટિમાંથી કઇ કોટિમાં છીએ અગર તે કોટિને પહોંચવા કેટલી જહેમત ઉઠાવી છે કે તમન્ના રાખી છે.

ઉપરની રીતીએ તપશ્ચર્યાનો વાસ્તવિક અર્થ સમજી તેને અમલમાં મૂકવામાં આવે તો આજે ડગલે પગલે નજરે પડતાં અને ભયંકર સ્વરૂપને ધારણ કરતાં અશાંતિ, ભૂખમરો, ઇર્ષ્યા મારામારી વિગેરે જોવા પણ ન મળત જેના પરિણામે આજે દેખાતી દુનિયાને આપણે બીજાજ સ્વરૂપે જોઇ શકત.

વળી આવા પર્વના પવિત્રતમ દિવસોને કેટલાક તો ખાસ સારાં સારાં ખાણાં પીણાં આરોગવામાં, શૃંગારયુક્ત વસ્ત્રાભૂષણો પહેરવામાં અને નાટક સીનેમા કોઇ દિવસ ન જોતા હોય તો પણ આવા દિવસોમાં ખાસ જોવામાં પર્વની સાર્થકતા માને મનાવે છે તે તો ખરેખર પવિત્રતમ દિવસોને અપવિત્ર બનાવવા જેવું છે કારણ કે–રાગ દ્વેષને ઓછાં કરવાનું સાધન રાગદ્વેષને વધારવામાં નિમિત્તભૂત બની જાય છે.

આમ આજના દિવસની મહત્તાને ખૂબખૂબ ખ્યાલમાં લઇ ભગવાન્ આદીશ્વર પરમાત્માના સિદ્ધાંતોને અનુસરી દુનિયામાં દેખાતાં વેરઝેર, ઇર્ષ્યા, કલેશ, લડાલડ, બ્લેક મારકીટો વિગેરેરૂપ બદીઓ દૂર કરવાપૂર્વક ક્ષમા, સહિષ્ણુતા, સરળતા, નિષ્પરિગ્રહભાવ તરફ દોરાઇએ તેમાંજ આજના પર્વની અને તે દરમ્યાન થતી તપશ્ચર્યાની મહત્તા અને સાર્થકતા સમાયલી છે.

★

વાકેરી
અવશ્ય મંગાવો આ અમુલ્ય
ઔષધિ.... .... ....વાકેરી
સંબંધે વધુ જાણવા
★ રૂબરૂ મળો યા લખો ★
પટેલ એન્ડ કું.
૧૧૬, ભીંડી બજાર – મુંબઈ નં. ૩
● વાકેરી પાવડર ●
૦૧ રતલ પેકેટના રૂા. ૪-૫૦

# રાજાધિરાજ—

: લેખક :
શ્રી પ્રકાશ જૈન ગારીઆધારકર [પ્રેમદીપ]

દેવોની નગરી અલકાપુરી તો કોઇએ જોઇ નો'તી પણ મોટા મોટા શાહ સોદાગરો વાતો કરતા કે, ભાઇ અલકાપુરી જોવી હોય તો એક વાર રાજગૃહી જજો.

આ એક અલકાપુરી બનેલું રાજગૃહિ ! મગધનું પ્રતાપી પાટનગર એના વૈભવશાળી બજારો વચ્ચે જ્યારે રત્નકંબલના વેપારીઓએ પોતાના સાંઢિયાને ઉભા કર્યા ત્યારે સાંજ થતી જતી હતી

રાજગૃહિના ઉંચા ઉંચા પ્રાસાદો પર સંધ્યા રંગબેરંગી સાલુ ફરકાવી રહી હતી. અને રાજદરવાજે ચોઘડિયાં હમણાંજ આરંભાયા હતાં રાજાજીના બગીચામાં સૂર્યમુખી ફૂલો પણ હમણાંજ પૂર્વ ભણી મોં ફેરવી ગયાં હતાં. ને રાજાજીનું શયનાગાર શોભાવવા દાસીઓ મંદાર પુષ્પની માળાઓ જલ્દી જલ્દી ગૂંથવા હરિફાઇ આદરી બેઠી હતી.

જોઈ લીધી આ અલકાપુરી ! થાકયા ભાઈ, આ ગામના લોકોથી સોળ સોળ રત્ન કંબલમાંથી એકનોય ભાર ઓછો ન થયો !" સાંઢિયા દોરીને નગરના દરવાજા તરફ પાછો ફરતો એ શાહસોદાગર આ નગરી પર મોઢું બગાડી રહ્યો હતો. ચીન જેટલે દૂર દેશાવરથી એણે રેશમ આણ્યું હતું ઇરાનની અમૂલખ ગૂંથણી એના પર ચઢાવી હતી. રત્ન કંબલ જોઇ ભલભલા વેપારીઓ છક્ક થઈ જતા. સહુ એકી અવાજે કહેતા "ભાઈ રાજગૃહિ જા ! ત્યાં કોઇ કદરદાન મળશે"

પણ રાજગૃહિનો આંટો નિષ્ફળ ગયો. રાજગૃહિના રાજાજીએ તો સ્પષ્ટ કહ્યું "આવા બહુ મૂલ્ય વસ્ત્રો ખરીદી પ્રજાને માથે હું ભાર લાદવા માંગતો નથી" અને જે વસ્તુને ખરીદવાની હિંમત ખુદ રાજાજી ન કરી શકે, એ ખરીદવાનું સ્વપ્નું બીજું કોણ માણી શકે ?

શાહસોદાગરની નિરાશાનો પાર નહોતો એ નગરીને અને પોતાના ભાગ્યને દોષ દેતો દરવાજા ભણી જતો હતો, એ વેળા એકસ્ત્રીએ આવી વિનંતિ કરી.

"શાહસોદાગરજી જરા થોભો ! મારા માલિકને ખબર કરી પાછી આવું છું કદાચ એ તમારી બધી રત્નકંબલો ખરીદી લેશે" સોદાગર હસ્યો, એને આ સ્ત્રી ઘેલી લાગી એણે પ્રશ્ન કર્યો.

"પગલી તારો માલિક કોણ ? અને મારા રત્નકંબલની કિંમત તું જાણે છે ?"

"**મારો માલિક નગરશેઠ શાલિભદ્ર,** કિંમત જાણવાની મને પરવા નથી કૃપા કરીને ક્ષણ વાર થોભો !"

દાસી ઉતાવળે પગલે રાજગૃહિના પૂર્વ ભાગમાં આવેલ વિશાળ પ્રાસાદ તરફ ચાલી ગઈ શાહ સોદાગર કેવળ કુતુહલ ખાતર ક્ષણ વાર ઉભો હતો થોડી વારમાં તો પેલી દાસી આવતી જણાઇ.

"સોદાગરજી પધારો ! અમારા માલિકના માતુશ્રી આપને બોલાવે છે. માલ જેટલો હોય તેટલો સાથે લાવશો"

"ભલે ભલે !" શાહ સોદાગરને દાસીના બોલવા પર વિશ્વાસ નહોતો છતાં કૌતુક ખાતર એ એની પાછળ આવ્યો.

બંને જણાં વિશાળ મહાલયના દરવાજે આવી પહોંચ્યા શાહ સોદાગરે પૃથ્વીના પડ વીંધી નાખ્યાં હતાં. અજબ દેશોમાં ફર્યો હતો. મોટા માંધાતાઓને મળ્યો હતો, પણ આ મહેલની સાહ્યબી અને ઠાઠ જોઇ અજાયબ થઈ ગયો. આખો મહાલય સંગેમરમરનો હતો, રત્નેશ સોનાથી રસેલા હતા ગોખમાં રત્ન મણિ, માણેકનું જડતર કામ હતું. જમીન પર ઇરાન—અરબસ્તાનમાં પણ અલભ્ય એવી જરિયાનની જાજમ બીછાવેલી હતી.

અત્તરની સુગંધથી મઘમઘી રહેલા ફુવારાઓ ઊડી રહ્યા હતા અને સંગીતનો દિવ્ય ધ્વનિ વાતાવરણમાં ગુંજી રહ્યો હતો, શાહ સોદાગર એક પછી એક ઓરડાઓ વટાવતો હતો અને એનું મગજ કામ ન કરે એવું ઐશ્વર્ય જોતો જતો હતો, દાસ દાસીઓનો તો પાર ન હતો.

કેટલાએક ઓરડા વટાવ્યા બાદ દાસી અને સોદાગર એક વિશાળ ખંડમાં આવી પહોંચ્યાં એક જાજરમાન વૃદ્ધ સ્ત્રી અહીં રત્નજડિત સુવર્ણ સિંહાસન પર બેઠી હતી. શું એ ખંડની શોભા ! સોદાગર વસ્તુની કિંમત કરી જાણતો હતો એ આ અમુલખ વસ્તુ શણગારના મૂલ મુલવવામાં મગ્ન થઇ ગયો હતો

" શાહ સોદાગરજી શું રાજગૃહિ પર તમને માઠું લાગ્યું ? રાજાજી તરફ કંઇ અરૂચિ થઇ ? "

" માતાજી દૂર દેશાવરથી જાન-માલનું જોખમ વેઠીને આશાભર્યો અહીં આવ્યો હતો ખુદ રાજાજીએ પણ મારા માલની કદર ન કરી.

" સોદાગરજી ! ત્યાંજ તમારી ભુલ થાય છે અમારા રાજાજી પોતાને પ્રજાના સેવક ગણે છે પ્રજાના પૈસા આવા શોખ પાછળ વાપરવા એમને નથી ગમતા. વૃદ્ધ માતાએ પોતાના રાજાજીનો બચાવ કરવા માંડયો રાજા અને પ્રજા વચ્ચેના હેતનું આ દૃષ્ટાંત હતું.

" માજી ત્યારે અમારો માલ કોણ ખરીદે ? "અમે છીએ ને, સોદાગરજી ! કાઢો તમારો માલ મુલ કરો તમારા માલનું.

"માજી મારી પાસે રત્નકંબલો છે એક એકની લાખ લાખ સોનૈયા કિંમત છે.

ભલા કેટલી કંબલો છે ! અરે દાસી ! બધી વહુરાણીઓને બોલાવી લાવ એમને ગમે એ રંગ પસંદ કરી લેવાનું કહે.

સોદાગર કંબલો કાઢીને પહોળી કરવા લાગ્યો જોતજોતામાં ઘર સ્ત્રીઓ આવીને ખડી થઈ ગઇ શાહ સોદાગર તો આવનારીઓના રૂપ જોઇને અંજાઇ ગયો એણે ઘણાં અંતઃપુર જોયા હતા બડી બડી રાજરાણીનો મહેમાન બન્યો હતો પણ આ સૌન્દર્ય તો એણે ક્યાંય જોયું નહોતું.

ધરતી પર વસનારી આ ન હોય. નક્કી સ્વર્ગલોકની અપ્સરાઓ સોદાગર તો કલ્પનાના ગર્તમાં ડૂબી ગયો. ત્યાં વૃદ્ધ માતાએ કહ્યું.

" સોદાગરજી ! " આ કંબલો તો સોળ છે, ને વહુરાણીઓ બત્રીસ છે. બીજી સોળ લાવો " માતા ! બીજી સોળ ક્યાંથી લાવું ? મારી આખી દોલતને અર્ધી જીંદગી ખર્ચીને તો આ તૈયાર કરી છે. હવે અશક્ય છે. "

" ભલે ત્યારે કરી નાખો એના બે ભાગ ને વહેંચી દો બત્રીસને ! પહેરવામાં નહિ તો પગ લુંછવામાં કામ લાગશે.

" માતાજી આ રત્નકંબલના બે ભાગ ! શુ બોલો છો ? એક સોય પરોવતાં કાંટા જેટલું દુઃખ થાય ત્યાં એના પર કાતર મારા સગે હાથે કેમ ચલાવું ? દાસી સોદાગરજીને એનુ મૂલ ચૂકવી દે. અને તારે હાથે આના બે ટુકડા કરી વહેંચી દે ! " દાસીએ મૂલ ચૂકવી દીધા, રત્નકંબલના આ રીતે બત્રીસ ટુકડા કર્યાને એકએક વહેંચી દીધો.

" સોદાગર , આ દૃશ્ય જોઇ શકતો નહતો. આશ્ચર્યની સાથે એનું હૃદય કંબલની સાથે ચીરાઇ રહ્યું હતું.

" સોદાગરજી, જાઓ અને દેશેદેશ કહેજો કે આવા રત્નકંબલો રાજગૃહીના રાજાજી તો શું પણ ત્યાં સામાન્ય પ્રજાજનો-ગૃહસ્થો હાથપગ લુંછવામાં વાપરે છે. જાઓ અને બોલો મહારાજા શ્રેણિકની જય !

" માતાજી ; તમારા જેવા પ્રજાજનોથી રાજગૃહિ ઊંચું છે; ખરેખર દેવોની નગરી અલકાપુરી તો કોઇએ જીવતાં જોઇ નથી; પણ જો જોવી હોય-

તો રાજઋદ્ધિ જો ! એ સંદેશ હું ઠેરઠેર કહીશ ! " વૃદ્ધ માતાના મુખ પર અમીરાતનો સંતોષ હતો. સોદાગરનું ભવ દારિદ્ર આજે હતી ગયું હતું.

★

[ ૨ ]

નગરશેઠ શાલિભદ્રના દિવ્યપ્રસાદનો તોતીંગ દરવાજો ખુલ્યો ત્યારે વહેલી સવારનો એક કાસદ કંઇક સંદેશો લઇને ત્યાં ખડો હતો. રાજાજીનો એ કાસદ હતો; પણ રાજાજીની એને ખાસ આજ્ઞા હતી કે વહેલી સવારની મીઠી નીંદરડીમાં કોઇને ખલેલ ન પહોંચાડીશ.

નગરશેઠના માતુશ્રી ભદ્રા શેઠાણીને સંદેશો પહોંચાડવામાં આવ્યો અરે, રાજાજીનો સંદેશો ! ભદ્રા શેઠાણી સામે પગલે આવ્યા, સંદેશો સાંભળ્યો પણ છેવટે નિરાશ થઇ બોલ્યાં.

' કાસદ ' એ સોએ સોળ રત્નકંબલ મેં ખરીદેલી પણ મહારાજા શ્રેણિકની આંટ વધારવા મારી વહુઓએ એની સામે ચીરીને, પગ લુછીને ખાળમાં ફેંકી દીધી. રાજાજીને કહેજો કે બીજી કામસેવા ફરમાવે ! "

કાસદ નમસ્કાર કરી રવાના થયો. થોડીવારમાં એ પાછો ફર્યો. એ સંદેશો લાવ્યો હતો કે ખુદ રાજાજી હાથીની અંબાડીએ ચઢી નગરશેઠની મુલાકાતે આવે છે.

ધન્યભાગ્ય મુજ રંકના ! આજ આ પ્રાસાદ રાજાજીના ચરણ રજે પાવન થવાનો વૃદ્ધ માતા ભદ્રા-શેઠાણીએ સ્વાગત માટે આજ્ઞા આપી દીધી. જોત-જોતામાં રાજશાહી સ્વાગતની સંપૂર્ણ તૈયારીઓ થઇ ગઇ.

ભદ્રા શેઠાણી પ્રાસાદની સાતમી મંઝીલ પર આરામ કરતા પુત્રને ખબર આપવા અને રાજાજીનું સ્વાગત કરવા તૈયાર થવાનું કહેવા ગયાં. નગરશેઠ શાલિભદ્ર એક વિરામ સ્થાન પર આરામ લઇ રહ્યા હતા. દેવાંગના જેવી બત્રીસ સ્ત્રીઓ આસપાસ વીંટાઇ વળી હતી. કોઇ ઉંચા અત્તરો લગાવતી હતી, કોઈ પંખો ઢોળતી હતી, કોઈ ગીત ગાતી હતી, કોઈ નૃત્ય કરતી હતી. સ્વર્ગનું સુખ જાણે અહીંજ મૂર્ત થયું હતું.

"બેટા" વધામણી આપવા આવી છું. " ભદ્રા શેઠાણીએ ઉપર આવતાં કહ્યું "શું છે. માતાજી "! શાલિભદ્રે માતાજીને પ્રશ્ન કર્યો. શું શાલિભદ્રનું રૂપ ! કામદેવનો બીજો અવતાર !

"બેટા, આજે શ્રેણિક મહારાજા આપણે ઘેર પધારે છે" "માતાજી, આમાં મને શું પૂછો છો ? તમારી વ્યવસ્થામાં કયે દિવસે માથું માર્યું છે ! શ્રેણિક મોટો વેપારી છે ? તો એને આપણી મોટી વખારે ઉતારો આપો. "

ભદ્રા શેઠાણી હસ્યા. પાસે જઇ પુત્રના મસ્તક પર હાથ ફેરવતાં કહ્યું. "બેટા, આપણા રાજાજી આવે છે; મગધના પતિ મહારાજા શ્રેણિક પધારે છે."

"શું માતાજી, મારે માથે પણ રાજા છે ?

"હા બેટા"

ત્યારે તું મને કહેતી હતી કે બેટા, અહીંજ સ્વર્ગ છે. તને કોઈ રોક ટોક કરનાર નથી. આ બધું તારૂં છે. તું સ્વતંત્ર છે. શું એ બધું ખોટું હતું ? મારે માથે પણ રાજા છે ?" ઊંઘમાંથી કોઇ સફાળો જાગતો હોય એવી દશા શાલિભદ્રની હતી.

" બેટા, એમાં શું નવાઈ લાગે છે ? સહુને માથે રાજા તો હોયજ ને "!

"એટલે આટલી આટલી સાહ્યબી છતાં, ઐશ્વર્ય છતાં બધું ગુલામીથી મિશ્રિત ! મારે માથે રાજા" !

"દુનિયામાં દરેકને માથે રાજા હોય, મારા બેટા ! પૃથ્વીની વાત તો શું કહું, સ્વર્ગમાં પણ રાજા હોય છે ને ?

" શું ત્યારે સ્વતંત્રતા ક્યાંય પણ નથી "

"અવશ્ય છે બેટા! અને તે ત્યાગીપણામાં અને મોક્ષપ્રાપ્તિમાં! પણ આપણને એ બધું દુર્લભ છે"

"મા, મારા માથે રાજા હોય એ વિચારજ મારા મનને દુઃખમય કરી નાખે છે. પૃથ્વીની વ્યવસ્થા કરનાર રાજા જેવો શું ત્યાગ અને મોક્ષની વ્યવસ્થા કરી બતાવનાર કોઈ રાજાનો પણ રાજા, રાજાધિરાજ હશે?

"હા, એવો રાજાધિરાજ જરુર છે. એ પોતાને આશ્રયે આવેલાને પરાધીન નથી બનાવતો, સ્વતંત્ર બનાવે છે."

મા, મારે એવા રાજાધિરાજની જરુર છે. જે મને પરતંત્ર નહિ પણ સ્વતંત્ર બનાવે! એનું શુભ નામ?

" અહિંસામૂર્તિ – દિવ્યવિભૂતિ – વિશ્વવંદનીય પ્રભુશ્રી મહાવીર! નગરશેઠ શાલિભદ્રને રાજાધિરાજ પ્રભુશ્રી મહાવીરની એવી તાલાવેલી લાગી; કે એ રાજા શ્રેણિકનું સન્માન ન કરી શકયો. પરાધીનતા એને ડસી રહી હતી એ ક્ષણ પણ રાજાજી પાસે ન રોકાતાં એ સાતમા મંઝીલે ચઢી ગયો. એ દહાડે રાજાધિરાજ પાસે જવાના વિચારમાં એવો ગૂંથાઈ ગયો કે એને કશુંય ન સૂઝ્યું.

પ્રજાની સમૃદ્ધિમાં પોતાની સમૃદ્ધિ લેખનાર મહારાજા શ્રેણીક આ જે ખુબ ઉલ્લાસમાં હતા. શાલિભદ્રનો ઠાઠ જોઈ એતો અજાયબ થઈ ગયા હતા. આ બધામાં તે પોતાનું ગૌરવ જોઈ રહ્યા હતા. જુવાન શાલિભદ્ર પોતાની પાસેથી જલ્દી ચાલ્યો ગયો. એનું પણ એમને માઠું નહોતું લાગ્યું.

★

[ ૩ ]

કમળપત્રની કેદમાં પૂરાયેલા ભમરાને જ્યારે પોતાની સ્થિતિનું ભાન થાય છે, ત્યારે તે કઠણ લાકડાને કોરી કાઢનાર એના ડંખ સહેજવારમાં જાગૃત થઈ જાય છે. શાલિભદ્રની આજે એવી સ્થિતિ હતી.

એને સ્વતંત્રતા બક્ષનાર રાજાધિરાજને ભેટવાની આકાંક્ષા જાગી હતી. જેને કોઈ પ્રજા નથી, માર નથી, મિલકત નથી, સિંહાસન નથી કે સૈનિક નથી. અને છતાંય જગતના તમામ રાજાઓ કરતાં વધુ સમૃદ્ધિશાળી છે; એવા રાજાધિરાજનાં દર્શન વગર હવે ચેન પડતું નહોતું.

અને એ સુસમય તરતમાં સાંપડયો. વનપાલ ખબર લાવ્યો હતો; કે પ્રભુશ્રી મહાવીર નજીકના વનમાં પધાર્યા છે. વગર સુખાસને; એકપણ નોકર ચાકર વગર અડવાણે પગે શાલિભદ્ર દર્શનાર્થે ઉપડયો. જે પુત્રે કદી જમીન પર પગ મૂકયો નથી, સૂર્યનો આતાપ સહ્યો નથી, એને આ રીતે ચાલ્યો જતો જોઈ ભદ્રાશેઠાણીની આંખમાં આંસુ આવ્યાં.

માતાએ અપાર વિનવણીઓ કરી.

પત્નીઓએ બનતું જાદુ વેર્યું.

નોકર ચાકર ઘેરી વળ્યા,

દોલત સાહ્યબી મૂંગુ આકર્ષણ કરવા લાગી.

પણ કમળપત્રની કેદ શાલિભદ્ર કયારનો ભેદી ચુકયો હતો. એને કોઈ ન રોકી શકયું. આઝાદીના બન્ને ઉપાસકોનાં ગાન દેવતાએ ગાયાં. તારતારને તરનાર બન્ને જગદ્ વંદનીય બની રહ્યાં!

વંદન હો એ રાજાધિરાજ પ્રભુને અને એ રાજાધિરાજના અનન્ય ઉપાસક શાલિભદ્રને!

સહુને શાલિભદ્રની ઋદ્ધિ હજો! ત્યાગની ને તપની!

# દૂર દૂર દૂરના દરવેશ ! હો યોગીન્દ્ર !

લેખકઃ
શ્રી નાગકુમાર
મકાતી

ભગવાન મહાવીરે પ્રવજ્યા ગ્રહણ કર્યા પછી સાડાબાર વર્ષ સુધી જે ઘોર તપસ્યા કરી તેનાં સ્મરણો આજે ૨૪૮૬ વર્ષ પછી પણ આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. સાધનાકાળ દરમ્યાન તેમને જે ભયંકર ઉપસર્ગો નડયા તેની વિગતો સાંભળતાં જ આપણાં રૂવાડાં ખડાં થઈ જાય છે. એક કાળા માથાનો માનવી આટઆટલું દુઃખ સહન કરી શકતો હશે ? છતાંયે ઉપસર્ગોની અગ્નિપરીક્ષામાંથી તેઓ ક્ષેમકુશળ પસાર થઇ જાય છે અને શુદ્ધ કાંચનની પેઠે ઝગમગી ઉઠે છે ત્યારે આપણને કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીની નીચેની પંક્તિઓ યાદ આવે છે.

વાયરે ફુણતાં મોટાં વ્હાણ
કે જંગી ઝાડ પડે રે લોલ.
સાગરે પાણી પછાડા ખાયે
કે લાખ લાખ લોઢ ઉઠે રે લોલ
ડુંગરા ડોલે મિનારા તુટે
ગગનમાં આંધી ચડે રે લોલ
વાર વાર માડે વીજ કડાકા
કે વાર વાર મેઘ તુટે રે લોલ
તોય યારે આભને દીવલડે રે
કે જરીયે ન જ્યોત હલી રે લોલ

ઉપસર્ગોની ભયંકર આંધીમાંયે આપણા આ દીર્ઘ તપસ્વીના આત્માની જ્યોત જરા પણ ઝાંખી થતી નથી. આ અવધૂતનો આત્મા ક્ષપકશ્રેણીએ ચઢી અનંત જ્ઞાનનો દિવ્ય પ્રકાશ પ્રકટાવે છે કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે. સર્વ કર્મોને બાળી ભસ્મ કરી જોગંદર જગદુદ્ધારના પંથે પરવરે છે.

આજે કલ્પના નથી આવતી પણ તે વખતનો સમાજ ધર્મને નામે યજ્ઞ-યાગ દ્વારા ભયંકર હિંસા આદરી રહ્યો હતો. હિંસામાં જ મુક્તિ લોકો માનતા હતા. વર્ણાશ્રમ ધર્મનાં ભુંડાં પરિણામો સમાજ ભોગવી રહ્યો હતો. જન્મથી ઉચ્ચ ગણાતા કુળોમાં જન્મેલા બીજાઓને નીચ ગણતા હતા, પછી ભલે તેમનામાં ઉચ્ચ કુળોમાં જોઈતાં કર્મ કે ગુણ હોય કે ન હોય.ભગવાન મહાવીર વર્ષોની સતત સાધના ધ્યાન, ચિંતન પછી એક વસ્તુ નિશ્ચિત કરી શકયા કે જગતમાં હિંસાથી કદિ શાન્તિ આવતી નથી. સાચી શાન્તિ અહિંસાના પાલનમાં છે. તેમણે અહિંસાનો ખુબ જોરશોરથી પ્રચાર કર્યો. અહિંસા એજ ધર્મ છે એમ પ્રતિપાદન કર્યું. હિંસાથી હિંસા જ જન્મે છે. માટે અહિંસા એજ જગત શાંતિનો ઉપાય છે. તેમણે ઉગ્ર આંદોલન અને સતત ઉપદેશ દ્વારા હિંસક યજ્ઞ-યાગો બંધ કરાવ્યા. ગુણકર્મ વિનાના નામના વર્ણાશ્રમીઓને ઉદ્દેશીને તેમણે કહ્યું કે-

"વાસ્તવિક રીતે વર્ણ વ્યવસ્થા જન્મગત નથી. પણ કર્મગત છે. કર્મથી બ્રાહ્મણ થવાય છે કર્મથી જ ક્ષત્રિય થવાય છે, કર્મથી જ વૈશ્ય અને કર્મથી જ શુદ્ર થવાય છે."

ભગવાને સ્થાપેલા ચતુર્વિધ સંઘમાં બ્રાહ્મણ, ક્ષત્રિય. વૈશ્ય, ખેડુત. વગેરે જુદી જુદી જાતના લોકો હતા તે સર્વને સમાન ગણી તેમણે એ સાબિત કરી બતાવ્યું કે ગુણથી જ માણસ ઉંચનીચ ગણાવો જોઇએ. જન્મ તો એક અકસ્માત છે. ભગવાન મહાવીરની આ ઉદાર દ્રષ્ટીના આપણે પેટભરી વખાણ કરીએ છીએ, તે માટે આપણે અભિમાન લઇએ છીએ. પરંતુ વ્યવહારમાં ભગવાન મહાવીરના ચુસ્ત અનુયાયીઓ આજે પણ જન્મગત ઉંચનીચ ગણાતા લોકોને અનુસરતા હોય છે. ભગવાન મહાવીરના આદેશોનું આપણે કેટલું પાલન કરીએ છીએ તે આ ઉપરથી જણાઈ આવે છે.

ભગવાન મહાવીરની અહિંસા પણ વીરોની શુરવીરોની અહિંસા છે. તે સાચા આધ્યાત્મિક બળની અપેક્ષા રાખે છે.તેમણે અહિંસાનું જે તત્વ પોતાના

જીવનમાં ઉતાર્યું અને જે જગતને ઉપદેશ્યું તેનાથી વાસ્તવિક રીતે આપણે કેટલાયે દૂર છીએ. જૈનો સામે એક જબરદસ્ત આક્ષેપ છે કે જૈનોની અહિંસાએ કાયરતાને પોષી છે. સાચી અહિંસાના પાલનમાં કાયરતાને સ્થાન જ નથી, તેથી આપણે જે અહિંસા વ્યવહારમાં પાળીએ છીએ તેના શુદ્ધિકરણની જરૂર છે.

ભગવાનના સ્યાદ્વાદના સિદ્ધાન્તને પણ આપણે મૌખિક અંજલિ જ આપીએ છીએ, આચરણમાં આ સિદ્ધાન્ત મોટે ભાગે બાજુએ મૂકાય છે. સામાનું દ્રષ્ટિબિન્દુ સ્વીકારવામાં જ સ્યાદ્વાદનો આત્મા રહેલો છે. તેમ ન થાય તો સત્ય અપૂર્ણ જ રહે છે સ્યાદ્વાદનો સિદ્ધાન્ત આચરણમાં મૂકીએ તો કોઈ ઝગડા રહેવાની શક્યતા નથી. પરંતુ સ્યાદ્વાદીઓના ઘરમાં જ મોટામાંમોટા ઝગડા છે એ કેટલી કમનસીબી છે.

આપણે ગાઈએ છીએ કે "ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે; સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મલ થાયે કાયા રે" પરંતુ ગિરૂઆના ગુણ સાંભળવામાંજ આપણે એટલા બધા મશગુલ છીએ કે તે આચરવાનો આપણને અવકાશ જ ઓછો મળે છે.

આપણે આચરીએ કે ન આચરીએ એ જુદી વાત છે. પરંતુ એ મહાન આત્મા વિશ્વને જે શાન્તિના સિદ્ધાન્તોનો અમૂલ્ય વારસો આપી ગયા છે તે માટે આપણે તેમના અત્યંત ઋણી છીએ, અનેક સદીઓ વીતી ગયા છતાં તેમના સંદેશને પડકારનાર હજી કોઈ પાક્યો નથી. ભવઅટવીમાંથી બહાર નીકળવા માટે તેમણે પ્રરૂપેલા સિદ્ધાન્તોથી વધુ સારા સિદ્ધાન્તો હજી કોઈએ આપ્યા નથી તેમના જેવો દીર્ઘ તપસ્વી યોગીન્દ્ર હજી કોઈ પાક્યો નથી. તેથીજ આપણે એ **દૂર દૂરના દરવેશને** આજે તેના જન્મદિને યાદ કરી ગાઈએ છીએ કે—

'તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તું જીવન જીવ આધારો રે.'

આ આલંબન આપણને સૌને આધારભૂત બને અને આપણા અંતરનાં અંધારાં દૂર કરી આપણા સહુના ઉર્ધ્વ જીવનનો પંથ અજવાળે.

આપણી આ ભાવના આપણે આપણા સમર્થ કવિશ્રી નાનાલાલના શબ્દોમાંજ વ્યક્ત કરીશું કે—

અહો, દૂર દૂર દૂરના દરવેશ! હો યોગીન્દ્ર!
આપો દેવનાયે દેવના સન્દેશ હો યોગીન્દ્ર!

\+ \+ \+

અહો સદન સદન પુણ્યના સુવાસ, હો યોગીન્દ્ર!
આપો પ્રાણ પ્રાણ પ્રભુજીના વાસ, હો યોગીન્દ્ર!

# અહંકાર...!

લેખકઃ **પ. પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી**

અહંકાર, મમત્વ, અદેખાઈ, વેર, વિરોધાદિક ટાળવાનો ઉપાય, શાસ્ત્રકાર પુનઃ પુનઃ ફરમાવે છે કે તમોએ સુખને પ્રાપ્ત કરવા અને ચિન્તા, ક્લેશપાત, સંતાપને હઠાવવા જે મહામહેનત કરીને પદાર્થો મેળવ્યા છે અને પાપ સ્થાનકો સેવીને પણ મેળવી રહ્યા છો તે એકાંતે સ્થાયી રહેનાર નથી. તેઓનો વિયોગ પણ થવાનોજ માટે તેમાં સદાય સુખ આપવાની જે ભ્રમણા છે. તેને દૂર કરી આત્મામાં અહંત્વ અને મમતાને સ્થાપન કરો કે જેથી અનાદિ કાલની અવળી ચાલ સવળી બને અને આત્મિક ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન થાય. તમે એમ માની બેઠા છો કે સુખ–દુઃખના કરનાર પર છે, હું પોતે નથી, તે મોટી કુબુદ્ધિથી ઉત્પન્ન ભૂલ છે. સુખ–દુઃખને ઉત્પન્ન કરનાર જો કોઈ હોય તો અહંકાર મમતાના યોગે ઉત્પન્ન થએલ રાગ અને દ્વેષાદિક છે. તેથી પાપ સ્થાનકોના સેવનથી સુખ–દુઃખ ઉત્પન્ન થાય છે, અને તેનો વિયોગ પણ થાય છે એટલે સંયોગ સંબંધે મળેલ સુખ પણ રહેતું જ નથી. આ મુજબ વિચાર અને વિવેક જાગ્રત થશે ત્યારેજ આત્મિક ગુણોને પ્રાપ્ત કરવા અભિલાષા થશે. આવી અભિલાષાના યોગે આત્મિક ગુણોમાં સંગી–રંગી બનાય છે માટે સદાય એવા વિચાર કરવા કે સ્થાયી રહેનાર દરેક ભવમાં જો કોઈ હોય તો મારોજ આત્મા છે અતએવ આત્મા ઉપર રાગ–દ્વેષ મોહાદિક જન્ય જે કર્મોનો લેપ લાગેલ છે. તે લેપને દૂર કરી નિમિત્તોવાસી બનેલ છું તે નિમિત્તોમાં આસક્ત બનું નહિ અને આત્માને નિર્મલ કરવાના જે નિમિત્તો તથા સાધનો છે તેમાં અત્યંત પ્રેમ ધારણ કરો, જેથી સત્ય, સુખશાતા, શાંતિ જે ઇચ્છી રહ્યા છો તેનો પ્રગટભાવ થાય અને ભાવનો પ્રાદુર્ભાવ કરવા માટે સુખ–દુઃખનો કરનાર અન્ય કોઈ નથી પણ હું પોતે જ છું આવી બુદ્ધિ–વિચારણાને ધારણ કરો.

✱

# "વંદન હો, મહાવીરની મહાવીરતાને"

લેખિકાઃ— શ્રીમતી હસુમતી એચ. સરવૈયા, ભાવનગરી
કુ. નિર્મળકુમારી ગિરધરલાલ શાહ ગારીઆધારી'

જૈન ધર્મમાં જેટલા આધ્યાત્મિક અધિકારો પુરૂષોને આપવામાં આવ્યા છે, તેટલાજ બ્હેનોને પણ આપવામાં આવ્યા છે. મહાવીરના શિષ્યો શ્રમણ પુરૂષો હતા, એથી વધુ શ્રમણીઓ (સાધ્વીજી આર્યાજીઓ) હતી. જૈનોમાં આજની ઘડી સુધી એવો નિયમ છે કે સન્યાસી સંન્યાસીની એથી વધુ પણ નહિ ફરી શકે અને એથી કમ પણ નહિ ફરી શકે. બિહાર, મારવાડ, ગુજરાત વગેરે પ્રદેશમાં આ રીતે બ્હેનો ફરતી જોવા મળે છે, અને એક બહુ મોટી વિશેષતા માનવી જોઈએ. કારણ મહાવીર પછી ૪૦ વર્ષમાં ગૌતમબુદ્ધ થયા જેમના સ્ત્રીઓને સન્યાસ આપવામાં ધર્મ મર્યાદામાં નહિ રહેશે એવો અંદાજ હતો. જે ડર બુદ્ધને હતો એ મહાવીરને નહોતો આ મહાપુરૂષની નીડરતા જોઈ આશ્ચર્ય થાય છે. સંત વિનોબાભાવેજીએ એક સ્થળે કહ્યું હતું કે મહાવીર સ્વામીને ગયે ૨૫૦૦ વર્ષના વહાણા વાઈ ચુકયા હતા પણ કોઈની મગદુર નહોતી કે બહેનોને દીક્ષા આપે. કેથોલિક, જૈન આદિ ધર્મોમાં સ્ત્રીઓ માટે માર્ગ ખુલ્લો રાખ્યો છે તે હિંદુ ધર્મે નથી રાખ્યો

મારા સાંભળવામાં આવ્યું છે કે ચાર વર્ષ પહેલાં રામકૃષ્ણ મઠવાળાઓએ સ્ત્રીઓને દીક્ષા આપવાની છુટ આપવાનો ઠરાવ કર્યો છે. આ ઉપરથી અંદાજ નીકળે છે કે મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં પ્રયોગ કરવામાં કેટુ જબરૂં પરાક્રમ કર્યું હતું અને એમાં તો એમની મહાવીરતા છે, આથી મારા મનમાં એમને માટે એક વિશેષ આદર છે સ્ત્રી શકિત ને અંજલિ અર્પતા આચાર્ય વિનોબાજીએ શ્રી પ્રકાશ જૈનગારીઆધારકરના પત્રમાં એક વખત લખેલું કે જેમ જેમ હું સર્વોદય પાત્રના વિષયમાં વિચારૂં છું તેમ તેમ એનું ઊંડાણુ મારા ધ્યાનમા આવતું જાય છે આ કામમા સ્ત્રી શકિત ઉપયોગી નીવડવાની છે. શાંતિ સ્થાપનાની જવાબદારી પુરૂષો કરતાં સ્ત્રીઓએ જ સવિશેષ ઉપાડવી જોઈએ. કારણ તેની પાસે તે શકિત છે એથી ઉલ્ટું આજે પશ્ચિમવાળાઓએ સમાનતાના નામે એમના હાથોમાં બંદુક પકડાવી છે. સ્ત્રીઓના હાથમાં બંદુક હોય એથી ભયંકર વસ્તુ દુનિયામાં બીજી એકે નથી તેમ છતાં પ્રકૃતિએજ તેને કારૂણ્યનું કામ સોંપ્યું છે, તેમના હાથમાં પુરૂષોની બરાબરી કરવાની મિથ્યા કલ્પના કરીને અને બંદુક વિના તે રક્ષણ થઇ જ શકે કેવી રીતે, એવી ભ્રાન્તિ-ધારણા રાખીને પશ્ચિમના ડાહ્યાઓએ બંદુક આપીને એમની પલ્ટન ઉભી કરી દીધી છે, અને ત્યાંની સ્ત્રીઓ પણ આ વિષયમાં તેમને વશ વર્તે છે, આ સમાનતા નથી મૂઢતા છે, સમાનતાના નામે ઘણો મોટો ગોટાળો આજે ચાલી રહ્યો છે સારાંશ સ્ત્રીઓમાં જે સંસ્કારિતા ધર્મશીલતા ભકિત, મર્યાદા કરુણા, અહિંસા આદિ ગુણો જે વિદ્યમાન છે તેનો સંગ પુરૂષોને નહિ લગાડે, અને એથી ઉલ્ટુ તેજ પુરૂષોના ધોરણ પર જઈ બેસે તો પછી સમાજને બચાવશે કોણ ?

આ બધું કામ સ્ત્રીઓએ કરવાનું છે. સર્વોદય પાત્રનું કામ પણ સ્ત્રીઓની પ્રેરણાથીજ થશે પ્રત્યેક માતા પોતાના બાળકને ભણાવશે કે "આપણે વિશ્વમાં શાંતિ ઝંખીએ છીએ એટલા માટે સર્વોદય પાત્રમાં તું મુઠી અનાજ નાખ" જ્યારે થોડામાંથી પણ થોડું આપવાની ભાવના લોક દિલમાં જાગશે ત્યારે અશાંતિના મુખ પર આકરા પ્રહારો થઈ શકશે

વિનોબાના કથનમાં ભારોભાર તથ્ય રહેલું છે જૈન ધર્મમાં તો સ્ત્રી તીર્થંકર પણ થઈ શકે તેવો ઉલ્લેખ કરીને ભ. મલ્લીનાથજીનું ઉદાહરણ પૂરૂં પાડયું છે અંતમાં આજના વીર જન્મ કલ્યાણકના પૂનિત અવસરે સમાજની સન્નારીઓને એકજ પ્રાર્થના કે આપણી શકિતને જાગ્રત કરી વીરના પગલે પગલે ચાલવા પુરૂષાર્થી બનીએ.

# નવકારમંત્રનો મહિમા

જૈન ધર્મના અમૃત સમાન પવિત્ર નવકાર મંત્રનું આરાધન કરવું ખુબજ આવશ્યક છે.

આ સંસારરૂપી ભવસાગરને તરવા માટે પ્રત્યેક આત્માને એક અવલંબનની નૌકાની આવશ્યકતા હોય છે. એ મહાન નૌકાનું નામ ત્યાગ છે. વિશ્વમાં ત્યાગથી ઉચ્ચ ભાવના એક પણ નથી. એ ભાવના હૈયામાં સ્થિર થાય તો જ ભવસાગર તરવાની નૌકા પામી શકાય. ત્યાગની પરમભાવના પ્રાપ્ત કરતાં પહેલાં ત્યાગનું મૂલ્ય સમજી લેવું જોઈએ એ મૂલ્ય સમજવા માટે સંસ્કાર અને સંયમથી જીવનને ઘડવું જોઈએ, ગૃહસ્થધર્મનું પાલન કરવા છતાં પણ અનાસક્તિ અને તપશ્ચર્યા કેળવવી જોઈએ શ્રી જિન મંદિર અને જૈન ઉપાશ્રય સમી મહાન સંસ્થાઓ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ રાખવાં જોઈએ, ધર્મતત્વો હૈયામાં ઉતારવાની પ્રબળ તમન્ના પ્રગટાવવી જોઈએ, આવા સંસ્કારો વડે જીવન ઘડાય તો જ દુર્લભ એવી ત્યાગ નૌકા પામી શકાય આ નૌકા મેળવવા માટે જીંદગી પર થતાં સંસારના આક્રમણો દૂર રહે તે ખાતર, પ્રાણ વચ્ચે જ્ઞાનનો દીવડો પ્રકાશતો રહે એ માટે અને ગમે તેવા ઝંઝાવતો સામે અટલ ભાવે ઉભા રહેવાની શક્તિ પ્રગટ કરવાની ખાતર ચૌદ પૂર્વના સારરૂપ જૈન ધર્મના અમૃત સમાન પવિત્ર નવકાર મંત્રનું આરાધન કરવું.

પવિત્ર નવકારમંત્રનું આરાધન કરનારને ત્યાગ નૌકા અવશ્ય પ્રાપ્ત થાય છે. એ મંત્રના મહા પ્રભાવથી જીવન પર ખડકાતા કર્મના ડુંગરાઓ આપોઆપ વિલય પામે છે. મસ્તક પર તોળાઈ રહેલી આફતની તલવારો નીચે નમે છે. હૃદય અને મનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાય છે. જીંદગીને પ્રબળ રીતે વિકાર, વાસના, વિલાસ આદિ વિષ આ મંત્રના બળથી અમૃતરૂપે પરિણમે છે. અને ભક્તિ સેવા, પ્રેમ, જ્ઞાન, કલ્યાણ ત્યાગ, અને મુક્તિનાં અજવાળાં આત્મા પર પથરાય છે. જીવનની વિશુદ્ધિ મોહ-માયાના બંધનોથી મુક્તિ અને આત્માનો વિકાસ નવકારમંત્રથી સહજ સાધ્ય બને છે.

આ મહામંત્રના પ્રતાપથી અનેક આત્માઓ આભવ અને પરભવના સંકટો અળગાં કરી શાશ્વત મુક્તિ મેળવી શક્યાં છે, કર્મના કાળાંડલાંઓ ચીરી નાખી સંસારને સામે પાર પહોંચી ચૂક્યા છે.

એવા મહામંત્રનું આરાધન પ્રત્યેક જૈનોએ કરવું જ જોઈએ; કારણકે આ સાચી અને અખૂટ સંપત્તિ છે. હાથમાં રમાડી શકાતી લક્ષ્મી કોઈ વાર આપણને રમાડી રડાવીને ચાલી જાય છે પરંતુ હૃદય વચ્ચે રમતી આ લક્ષ્મી આપણને આત્મમસ્તીનાં અમૃતપાન કરાવી શાશ્વત સુખમાં ઝુલાવે છે.

નવકાર મંત્રનું આરાધન જરાએ કઠિન નથી સાત્વિક મંત્રોની આરાધના હંમેશાં સરલ હોય છે. શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ અને એકાગ્રતા ધારણ કરીને હંમેશ પ્રાતઃસમયે એકસો આઠ વખત નવકારમંત્રનું સ્મરણ કરવું. આ કાર્ય કર્યા પછીજ અન્ય સાંસારિક કે વ્યવહારિક કાર્યોનો પ્રારંભ થાય. મંત્ર સ્મરણ સમયે ચિત્ત, વૃત્તિઓ અને મનને અન્ય કોઈ વિચારોમાં ન વાળતાં નવકારના પ્રત્યેક પદોમાં રહેલા ભાવો વચ્ચે જ સ્થિર કરવાં.

કુ. પ્રભાબેન ધરમશી

# પદ્મ પરાગ

લેખક –
શ્રી રાજેશ

**ધનનો સદુપયોગ—**

એક રાજા બહુજ દાની હતો દાન દેવામાં તે કદિ પાછી પાની કરતો નહિ. આ ઉદારતા પ્રધાન સહી ન શકયો. રાજાને કહેવાની પણ હિંમત ચાલી નહિ. મંત્રીએ રાજાને બોધ કરવા માટે રાજાના શયન ગૃહમાં એક વાકય લખ્યું "**आपदार्थे धनं रक्षेत्**" અર્થાત્ આપત્તિ માટે ધનની આવશ્યકતા છે. માટે બહુંજ દાન નહિ દેતા સંગ્રહ કરવો જોઇએ. રાજાએ તે વાકય વાંચ્યું. તેને લાગ્યું કે જરૂર ! મને બોધ આપવા માટે આ વાકય કોઇએ લખ્યું " **भाग्यवन्तः क्व चापदः** " ભાગ્યવાન્ મનુષ્યને આપત્તિઓ આવતી જ નથી દાને દોલત વધે ઘણી એ સિદ્ધાંત કદાપિ ફરતો નથી.

પ્રધાને તે વાકય વાંચ્યું ફરીને તેની નીચે લખ્યું કે-" **कदापि कुपितो देवः** " અર્થાત્ કદાચિ ભાગ્ય ફરી જાય તો સંચય કરેલું ધન કામમાં લાગે

રાજાએ તેની નીચે વાકય લખી મંત્રીનો પડદો ખોલી નાંખ્યો " **संचितोऽपि विनश्यति** " જો ભાગ્યજ વિપરીત નશે તો ગમે તેટલું સંઘરી રાખેલું પણ નાશ પામશે. ધન સાચો ઉપયોગ સંગ્રહ કરવામાં નથી. મોજશોખમાં વ્યય કરવામાં નથી સત્પાત્રમાં દાન દેવાથી જ સદુપયોગ કર્યો ગણાય.

★

**નમ્રતા—**

નદી પૂરજોશમાં વહેતી હતી. મોટી મોટી પાષાણની શિલાઓ એમાં તણાએ જતી હતી વચ્ચે આવતી હતી. નેતરની ઝાડી......નદીએ નેતરની સોટીઓને જડમૂળથી ઉખેડવા અનેક પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ......નદીએ સાગરને સંસારની સમસ્ત ચીજોની ભેંટ આપી પણ તેમાં નહતી એકપણ નેતરની સોટી, ... સાગર ઝંખવાણો પડયો...... નદીને તીરે નેતરની નાની પણ સોટી ભેટ નહિ ધરવા ખાતર સાગરે ઠપકો આપ્યો...નદીએ ટુંકમાં જ ઉત્તર વાળ્યો. મહારાજ ! મોટા મોટા પહાડ ઉખેડી આપને ચરણે ધરવાની મારી શકિત પણ નમ્ર નેતર આગળ નકામી છે

નમ્રતા એ મહાન્ ગુણ છે. નાનામાં નાનો માણસ પણ નમ્ર બને તો દુનીયાની અંદર તેને કોઇપણ ઉખાડી ન શકે. અક્કડ ઉંચા સિંહાસને બેઠો હોય છતાં એક દિ તે દરેકના પગ તળે ચગદાતો દેખાશે. નમ્રતા ગુણ એ જીવનનું આવશ્યક અંગ છે.

●

**સજ્જનતા—**

એક વખત માર્ગ ઉપરથી હું જતો હતો. શાક માર્કેટમાં ચારે બાજુ નાના પ્રકારનાં શાકો ગોઠવાયાં હતાં વચ્ચે એક લસણવાળો બેઠેલ હતો... લસણની લારીમાં લસણમાંજ એક બે અગરબત્તી ભેરવી તેને સળગાવેલી હતી... આ દ્રશ્ય જોઇને હું તો વિચારમાં જ પડી ગયો...લસણની દુર્ગંધ માં શું આ સુગંધિ આણવાનો પ્રયાસ વ્યર્થ ન હતો ? પણ ...એ દૃશ્યે મારા હૃદયમાં નવોજ પલટો આણ્યો ... લસણની દુર્ગંધ વચ્ચે પણ ગોઠી અગરબત્તી પોતાના દેહની આહુતિ આપીને પણ વાતાવરણ ખુશ્નુમાં કરવા મથી રહી હતી... દુર્જનોના સંસર્ગ માં રહેલા સજ્જનો માટે પણ આવુંજ કંઇક બને છે ગમે તે ભોગે પણ સજ્જનતા છોડતા જ નથી.

●

નદી ખૂબજ જોરથી વહે જતી હતી... ઉન્માદમાં આગળ વધતી નદીને જોઇ એક ઇંટાળીયું ખાબોચીયું બોલી ઊઠયું .. ખારા સંગતમાં ચાલ્યાં તો જાઓ છો પણ તમને ખબર છે? તમારું પાણી ક્યાં

જવાનું છે. ? જ્યાં હજારો નદીઓ ઉતરી ચુકી... પોતાના મીઠા જળને પણ ખારૂં બનાવી બેઠી એવા સાગરમાં... ગમે તેટલાં હરખાઓ પણ અંતે તમારી કાયા એ સાગરમાં મળ્યા પછી એની કશીજ કિંમત નથી.

નદીએ કશીજ જવાબ ન આપ્યો... આછું-સ્મિત કરી પોતાના પંથે પડી

દિવસો વિત્યા: મહીના વિત્યા. ઉનાળાના બળ-બળતા તાપમાં પેલા ખટાક બોલા ખાબોચિયાનુ પાણી ગંદુ થઇ નિરૂપયોગી બની સુકાઇ ગયુ...... નદીનાં નિર્મળાં નીર હજુપણ ધોડાપુરે ચાલતાં હતાં. હજારો નરનારીઓ એનો ઉપયોગ કરતાં હતાં... વહેતાં-પાણી નિર્મળાં. રહેતાં ગંદા થાય

ધન અને જ્ઞાન વાપરવાથી વધેજ છે. તે કદાપિ નષ્ટ થતાંજ નથી.

## આંખ ઉઘાડાવી

એક વૃદ્ધ પુરુષને ચાર પુત્રો હતા વૃધ્ધે ચારે પુત્રોને ઘરનો વ્યવસાય સોંપી દીધો. રાજકાજમાં પણ તેમનુંજ વર્ચસ્વ ચાલતું હતું. વૃદ્ધ હવે ખાટ-લે ઉતર્યા હતા. દુનીયાની સુકાનના સૂત્રધાર આજે ઘરનો ખૂણો સંભાળી રહ્યા હતા. તેમના પુત્રો જેમની પાછળ તનતોડી પૈસો એકઠો કર્યો હતો, તે તેમની જરાપણ ખબર જ લેતા નહિ... વહુઓતો પોતાના નખરાંમાંથી ઉંચીજ શાની આવે ? પુત્રો પરના વિશ્વાસથી ડોસાએ પોતાની ખાનગી મૂડી પણ રાખી નહિ... ટાઇમે ખાવાનું મળતુ નથી. તરસ્યા થાય ત્યારે પાણી પણ મળતું નથી. પોતાની ભૂતકાળની જાહોજલાલી યાદ કરી ડોસો બળીને ખાખ થઇ રહ્યો છે.

એક વખત શિયાળો હતો... ઠંડી ખૂબજ પડતી હતી... અગ્નિ પાસે માંડ માંડ માણસો ઠંડી ઓછી કરી રહ્યા હતા. પણ પેલા વૃદ્ધ પાસે કંઈ ઓઢવાનું સાધનજ નહતું. પોતાના મોટા દીકરાને બોલાવી ઓઢવા માટે કાંબળ માંગી... મોટા પુત્રે પોતાના પુત્રને કહ્યું ભાઇ ! પેલી જુની સાલ પડી છે. એ ડોસાને ઓઢવા આપી દેજે... નાનો છોકરો ચબરાક હતો. તેણે જુની કાંબલમાંથી અર્ધી ફાડી દાદાને ઓઢવા આપી. વૃદ્ધ આ વર્તનથી ખૂબજ ઉશ્કેરાયો. જે ઘરમાં પોતાનું જ રાજ ચાલતું હતું; તે ઘરમાં આજે પોતેજ પરાયો થઈ ગયો છે. આ ઘોર અપમાન તે કેવી રીતે સહેવાય. વૃદ્ધે પોતાના પુત્રને બધી વાત કરી પુત્રે પોતાના છોકરાને બોલાવી ઠપકો આપતાં કહ્યું કેમ કાંબલ ફાડી આપી. આખી જ આપવી હતીને ?

ચબરાક છોકરો અવસર જોઇ બોલી ઉઠ્યો. બાપાજી ! અર્ધી કાંબલ જ્યારે તમે ઘરડા થશો. ત્યારે તમને ઓઢવા માટે મારે આપવી પડશે ને ?

નાના છોકરાનાં આ વચનો સાંભળી તે ડઘાઇ ગયો. પિતાની પાસે પોતાની ભુલની માફી માગી ખૂબજ ભક્તિ પૂર્વક તે પિતાની સેવા કરવા માંડયો.

## અનર્થવચન

રાજસભામાં આજે ભીડ માતી નથી. બહાર થી નાચ ગાન કરવા આવેલા છે. લોકો તેમને જોવા માટે ઉમટી પડયા છે... રાજા પણ ગાયનથી હું ખુશ થયો છુ તમને ઇનામમાં એક સુંદર ઘોડી આપીશ. ગાયક રાજાના રેડ થઈ ગયો બીજે દિવસે પરવારી રાજી પાસે ઘોડો લેવા આવ્યો, રાજાએ કહ્યું કાલે આપીશ... આવી રીતે રોજ આંટા ફેરા ખાય છે પણ રાજાજી ઘોડો આપતા નથી એક વખત ગાયક ચીડાઇ બોલ્યો રાજાજી તમે ઘોડો કેમ નથી આપતા ? શાનો ઘોડો. શાની વાત ? રાજાએ અજાણ્યા થઇ પુછ્યું

કેમ ! તે દિવસે ગાયન સંભળાવી આપના કાનને સુખ આપ્યું હતુ. ત્યારે આપે ઇનામમાં આપવા કહ્યું હતું.

હા ! અને મેં પણ તમારા કાનને સુખકારી થાય તે માટે ઘોડો આપવાનું કહ્યું હતું. રસ્તો પડો ઘોડા કંઇ રસ્તામાં નથી પડયા. કેવલ કાનને જ આનંદ આપવા વચન બોલવાથી લાભ થાય ખરો ?

# "આત્માનું મુક્ત ઉડ્ડયન"

લેખકઃ—
યોગીન ભરવાડા "તરંગી"
ડી. કોમ. (ગવર્ન) કોવીદ.

**( માનવી કોઇપણ કાર્ય કરવાની શરૂઆત કરતો હોય ત્યારે તેના અંતરાત્મામાં અનેરૂ યુદ્ધ ચાલે છે.... એ યુદ્ધનું આ લેખમાં શ્રી ભરવાડા દર્શન કરાવે છે જે ઊંડી છાપ મૂકી જાય છે— તંત્રીઓ**

'આત્મા એજ પરમાત્મા' એ સૂત્રાનુસાર પ્રત્યેક માનવના હૃદયમાં આત્મા વસે છે. જે સ્વયમ્ પરમાત્માનું જ સ્વરૂપ છે. કોઇપણ નઠારું કર્તવ્ય કરતા હોઇએ ત્યારે આપણે ડરીએ છીએ કે "મારો આત્મા આ માટે ના દર્શાવે છે." જ્યાંપણ સદ્-અસદ્ વૃત્તિનાં તુમુલ યુદ્ધમાં ઘણીયેવાર અસદ્ વૃત્તિ સદ્ વૃત્તિ પર વિજય મેળવી લે છે. જીવનના સંઘર્ષમય વિકટ પંથમાં માનવી સંયોગવશાત અજાણતા કે દુભાતા દિલે પણ પાપો કરતો હોય છે–કિંતુ, સજાગ, જાગૃત માનવી ત્યારે પણ સમજતો જ હોય છે કે જે પાપો તે કરી રહ્યો છે. તે ખુદ પોતાના આત્મા સાથેની પ્રતારણા જ હોય છે.

કાયાની કોટડીમાં આત્મારૂપી આ મુસાફરે નિવાસ કર્યો. નિવાસસ્થાન જેમ દુર્ગંધ મારવા માંડે કે રહેવા યોગ્ય ન રહે ત્યારે ત્યાંના નિવાસીઓ ઘર બદલવા માંગે છે. તેમ આત્મા પણ શુચિતા, સ્વચ્છતા ચાહે છે. એમને પણ સુકર્મ, પૂન્ય, દયા, ધર્મ, માનવતારૂપી શુચિતાની સોડમની આવશ્યકતા રહે છે. એ જ્યાં અધિક મળે છે ત્યાં આત્મા પ્રફુલીત થઇ રહે છે. તેનાથી વિપરીત સ્થળે તો અનાયાસે પડયા રહેવા જેવું થાય છે.

દેહ સુશોભન કે કાયા વિશુધ્ધિ કરતા આત્મા સાથેની તન્મયતા, નિખાલસતા અત્યંત આવશ્યક છે. કિંતુ! લગભગ તો માનવને બાહ્યાડંબર અને ભપકા તરફ વધુ પ્રલોભન રહે છે. "સંસારી છીએ અને પાપોથી ડરીએ એ ક્યાંથી બની શકે!" એમ પણ ઘણાનું માનવું છે. પરંતુ એમાં તો એઓની માનસિક નિર્બળતા અને નરી કાયરતા જ હોય છે. અલબત્ કળિકાળમાં 'પૂન્ય કરનાર દુઃખી અને પાપ કરનાર સુખી' એવી એક માન્યતા પ્રવર્તે છે. તદુપરાંત એ અમુક અંશે સત્ય પણ ભાસતું હશે, પણ પાપોથી મેળવેલી સિધ્ધિ ચિરંજીવ નથી હોતી, આત્મા સાથે વંચના કરી, કરેલા કુકર્મોના ફળો હરગીઝ–હરદમ મીઠાં ન હોઈ શકે.

આત્મા તો મુક્ત વિહારી છે. એને બંધન નથી ગમતાં. જ્યાં એને સાનુકૂળ સ્થાન સાંપડે છે છે ત્યાં તે વિહરે છે. પાપોથી ડરનાર માનવ વ્યવહારૂ દૃષ્ટિએ કદાચ આગળ ન આવી શકે. કિંતુ! તેના આદર્શવાદના રાહ પર તો તે અવશ્ય ઉન્નતગામી બની શકે.

જગતનું માપદંડ આજ ધન દોલત પર અવલંબી રહ્યું છે. લાયકાત કે ગુણોનું અન્વેષણ પણ પુંજી પર જ થાય છે ત્યારે માનવ આત્મવાદની પ્રણાલિકામાં ન માનતો થાય તેવા સંયોગો પણ છે જ.

આત્મા સાથે પ્રગાઢ તન્મયતા સાધી શકીએ; આત્માને ઓળખવા જેટલી કુશાગ્ર બુધ્ધિ, ચાપલ્ય મેળવી શકીએ તો પછી પ્રભુ ભજન પણ કરવા જેટલી આવશ્યકતા નથી રહેતી. પ્રભુ મિલનનો આસ્વાદ પણ આત્માની ખોજ પછી જ, સાંપડી શકે છે.

મૂર્તિપૂજાની ટીકા કર્યા સિવાય એટલું ચોક્કસ ફલિભૂત થાયજ કે આત્મા તો માનવમંદિરમા વિરાજે છે. તે માટે દેવાલયો અગમન્ એકાગ્રતા કે મનની શાંતિ માટે જરૂરી હોય પણ એ-અનિવાર્ય તો નથીજ. મંદિરમાં જઇએ પણ હૃદય શુદ્ધ ન હોય; પ્રાયશ્ચિત કરીએ પણ પાપાચરણનું કાર્ય તો અવિલંબ ચાલતું જ રહે તો તેમાં નેકદિલ પ્રાયશ્ચિતની

ભાવના પણ નથી રહેતી ખુદ આત્મા સાથેની વંચનાજ બની રહે છે. પાયાની વાદી કરવા બેસીએ તો ઘણી વિસ્તીર્ણ બની જાય જ્યાં પણ જીવદયા, માનવપ્રેમ, અહિંસા સત્ય ઇત્યાદિ આ મૂલ ગુણોની ઉપેક્ષા કરીએ તો માનવ આત્મા દુભાય છે. આત્મા દુભાવા જેવું જગતમાં એકેય પાપ પણ નથી.

આત્મા જ્યાં નિષેધ દર્શાવતો હોય તેવા કર્તવ્યો ન જ કરવા જોઇએ પાપી પેટનો ખાડો પુરવા. માનવદેહ અને મળેલ ઉત્તમ જન્મ અસાર્થક ન બનાવવો જોઇએ એ દલીલો અયોગ્ય પણ નથીજ.

અલબત્ સત્યના રાહીને ઝંઝાવાતો, આંધિ સામે ઝુઝવું પડે છે. પાપી સુખી થાય છે. જ્યારે સત્યવાદી દુઃખી પણ થાય છે. એટલે સત્યની નેકી ટકતી નથી. ઝડપી જમાનામાં આવી ટેકીલી વૃત્તિ હાસ્યાસ્પદ પણ ભાસે છે, અને તેથી જ માનવ—ગમે તેવો સુજ્ઞ માનવ પણ 'સંસાર છે એ તો એમજ ચાલે" એમ કહીને આત્માની અવહેલના કરતો થઇ જાય છે. ધનદોલતની ગઠરિયાં અંતમાં તો પડી જ રહેતી હોય છે, આત્મા ઉડ્યો એટલે કાયાનું સોનેરી પિંજર નર્ક સમાન ભાસે છે. આત્માવિહોણું ખોખું કંઇ ઉપયોગી નથી રહેતું. એ શું માનવ-દેહની ઓછી કરૂણતા સમજવી?

પ્રલોભનો, માયાની ઇંદ્રજાળની ગુંથણીમાં ગુંચવાયા શિવાય આત્મારૂપી એ મુક્ત પંખીડાને ગમે તેવી પરિસ્થિતિમાં ન મુકવો જોઇએ. એનું ઉડ્ડયન સ્વૈરવિહારી છે. એની પાંખો નથી કાપી શકાતી વૈજ્ઞાનિકો મથામણ કરે છે. ચંદ્રલોકમાં ઉડવા માટે પણ હજુ સુધી આત્માના મુક્ત ઉડ્ડયનને કોઇ અવરોધી શક્યું નથી. અલબત્ થોડા સમય માટે એ માનવદેહમાં પડ્યો રહે છે. છતાં તે સ્વતંત્ર છે. એને ગુલામીની જંજીરો જકડી શકતી નથી ત્યાં માનવ લાચાર પરવશ બની જાય છે. એટલેજ તો આત્માની પૂજા જરૂરી છે મંદિરોનાં નિર્જીવ પૂતળાંઓ જીવંત બની પાપો ધોવા સમર્થ નથી ઘડાના પરંતુ આત્માથી ડરવા માંડીશું તો ઘણાં ઘણાં કુકર્મો, પાપો કરતાં અટકીશું સ્વર્ગ કે નર્ક એ તો કલ્પના પણ હોઇ શકે પૂન્ય પાપનો બદલો અહીંજ મળી રહે છે. અને એ પણ આત્મા કરાવી શકે છે. માનવદેહની કંઇ કિંમત નથી. આત્મા અમૂલ્ય છે. તેની મૂલવણી થઇ શકે નહીં તેના ઉર્ધ્વગામી ઉડ્ડયનને રૂંધી શકવા માનવ અસમર્થ જ છે.


**વાંચો.... .... ....વંચાવો.... .... ....વસાવો**

**★ કર્મયોગ ★**

જે વાંચી લોકમાન્ય તિલક જેવા મહાપુરૂષને પણ કહેવું પડ્યું

"Had I know that you are writing your KARMAYOGA, I might not have written my Karmayoga"

તે શ્રીમદ્ બુદ્ધિસાગરજીના આ મહાન ગ્રંથને વાંચો.

લખો:—શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ—મુંબઇ



**શુભ સંદેશ**

માંગલિક શુભ પ્રસંગે પ્રભાવના કરવા લાયક તેમજ પૂ. મુનિ. મ સાહેબોને તથા ભાઇ બહેનોને પ્રવાસમાં દર્શન કરવા માટે ખાસ ઉપયોગી—

પૂ. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સાહેબ

પૂ. શ્રીમદ્ વિજયનીતિસૂરીજી મ. સાહેબ

તેમજ

શ્રી સિદ્ધચક્રજી, શ્રી આદીશ્વરજી, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના સુંદર આકર્ષક બોક્સમાં તેમજ પ્લાસ્ટીકની ડબીઓ ફોટાઓ ફીટ કરેલ છે

બોક્સ એકના કીંમત રૂા. ૩-૦૦ પોસ્ટેજઅલગ

પ્લાસ્ટીકની ડબી એક રૂા. ૧-૫૦ પોસ્ટેજઅલગ

બનાવનાર:— ભાઇચંદ બી. મહેતા

દીવાનપરા, પારેખકુંજ, રાજકોટ, (સૌરાષ્ટ્ર)

# અજબ ઘટના !

લેખક:—
શા. વિજયાબેન વાડીલાલ શાહ
માજી પાદરા મ્યુનિસિપલ સભ્ય-પાદરા

★

**( આ ઘટના વાંચ્યા પછી આપ નહીં માની શકો પણ આ એક સત્ય ઘટના છે. ભોંયણીમાં આવેલ શ્રી મલ્લીનાથ ભગવાનનું એક સ્મરણ માત્રથી એક જીવ ઉગરી જાય છે અને..........)**

**તંત્રીઓ.**

આજથી પંદર વરસ ઉપરની આ સત્ય ઘટના છે. તે વખતે વડોદરામાં શ્રીમંત પ્રતાપસિંહરાવ ગાયકવાડ રાજ્ય કરતા હતા. તેમને કુતરાઓને ઝેર આપવા માંડયું. વડોદરામાં ઘીકાંટા ટાવર પાસે વડવાળા ફળીયામાં એક તાજીજ વાયેલી કુતરીને તાતીલ ઝેર આપવામાં આવ્યું કુતરીને તાજાંજ વાયેલા પાંચથી સાત કુરકુરીયાં હતાં. કુતરી ઝેરને લીધે છેલ્લા શ્વાસ લેતી હતી. જોતજોતામાં તેનો જીવ ઉપડી જશે એમ નજરે જોનાર કહી રહ્યા હતા તે અરસામાં ઘર બેઠેલા શા. કાન્તિલાલ ગુલાબચંદ ઘરની બહાર નીકળ્યા, તેમને કુતરીને છેલ્લા શ્વાસ લેતાં જોઈ બાજુમાં એક વૃદ્ધ ડોસીમા બેઠેલાં તેમને પણ ઘણીજ દયા આવી હવે કાન્તિલાલે મનમાં સંકલ્પ કર્યો કે હે ભોંયણીના સાચા દેવ મલીનાથ મહારાજ આ કુતરીનું ઝેર ઉતરી જશે તો હું બાર મહીના સુધી દર પુનમે તમારી જાત્રા કરીશ. ભગવાનના અધિષ્ઠાતા દેવોએ કાન્તિલાલની સાચી પ્રતિજ્ઞા સાંભળી અને અડધો કલાકમાંજ કુતરીનું કાતીલ ઝેર ઉતરવા માંડયું, અને કુતરી જીવતી રહી ગઈ. કાન્તિલાલ તો પોતાના ધંધામાં વાત ભુલી ગયા પણ તેરસનો દીવસ આવ્યો. કાન્તિલાલ ઘરમાં બેઠા હતા બાજુવાળા ડોસીમા કાન્તિલાલને ઘેર આવ્યા અને કાન્તિલાલને કહ્યું કે ભાઈ તારા સાચા દીલની પ્રતિજ્ઞાથી બીચારી કુતરી ઉગરી ગઈ છે હવે પરમ દીવસે પુનમ આવે છે તો તારી પ્રતિજ્ઞા ભુલતો નહિ અને ખરેખર: કાન્તિલાલે લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે બાર માસ સુધી ભોંયણીની પુનમો ભરી ખરેખર સાચા દીલથી અને અજબ શ્રદ્ધાથી કુતરીનું ઝેર ઉતરી ગયું. ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારને કોઈ દીવસ દુઃખ પડતું નથી. પાપનો ઉદય હોય તો કસોટી થાય પણ પાછો પુન્યનો ઉદય થાય તો સુખ મળે.

( આ હકીકત તદન સત્ય અને સાચી છે કોઈને શંકા જાય તો પુછાવવું હોય તો વડોદરા હાલમાં કાન્તિલાલ ગુલાબચંદ – ઘીકાંટા ટાવર, વડવાળા ફળીયામાં રહે છે અને કાપડનો ધંધો કરે છે. ભોંયણીવાળો સાચો દેવ ખરેખર કળીયુગના જમાનામાં પણ હૃદયપૂર્વક ભજનારને સહાય કરે છે)

---

## ક્ષમાયાચના

કેટલાક અનિવાર્ય રોકાણને લીધે વાચકો તેમજ પ્રચારકો તરફથી આવતા પત્રોનો જવાબ આપી શકયા નથી તો સૌ ક્ષમા કરે.

—તંત્રીઓ

## ચાલુ અંકે

'બુદ્ધિપ્રભા' આ અંક સાથે છ માસની મંઝીલ પૂરી કરે છે... ચાલુ અંકમાં મહાવીર જયંતિને લગતા લેખો તેમજ શ્રી વરસી તપના પારણા અંગે ખ્યાલ આપતો લેખ છે તે વાંચવા ખાસ વિનંતિ છે.

—વ્યવસ્થાપકો

# વિદ્યુત્ વાણી—

## ( સમાચાર સંકલિત શબ્દ શણગારની સામગ્રી )

વણનાર— **શ્રી નટવરલાલ એસ. શાહ**

માનવીની શકિત મર્યાદિત છે અને એ મર્યાદાને અનુલક્ષીને માનવી કાર્યવાહી કરે છે અને પોતાની યશસ્વી કારકીર્દીથી સમાજ અને રાષ્ટ્રની સેવા બજાવે છે. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાએ જૈનસમાજ તેમજ રાષ્ટ્રની કાર્યવાહીમાં પોતાનો ઉમદા ફાળો આપ્યો હતો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું નામ આજે જાણીતું છે એમાં શ્રી મોતીચંદભાઇએ પ્રશંસનીય કાર્યવાહી બજાવીને સંસ્થાને આગે ધપાવવા સફળ પ્રયત્નો આદરેલા તે જૈનસમાજથી અજાણ્યા નથી. કેન્દ્ર સરકારના અન્ન સચિવ અને એક સમયે મુંબઇમાં શ્રી મોતીચંદભાઇની સાથે કાર્ય કરનાર શ્રી એસ૦ કે૦ પાટીલે શ્રી કાપડિયાના બસ્ટની ઉદ્‌ઘાટન વિધિ વખતે વિદ્યાલયના હોલમાં જે પ્રવચન કર્યું હતું તે મનનીય હતું અને હાજર રહેલી મેદનીને પ્રેરણા અર્પી જતું હતું.

પ્રેરણા અર્પી જનાર એવો જ એક બીજો પ્રસંગ એ અરસામાં મુંબઇમાં યોજાયો. આ૦ મ૦ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજે અવિરત શ્રમ લઇને મહામૂલા ગ્રંથની રચના કરી તે પ્રસંગને દિપાવવા એક સમારંભમાં ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ શ્રી રાધાકૃષ્ણન્ પધાર્યા હતા.

મુંબઇ જેવી મહાન નગરીમાં જૈન તેમજ જૈનેતર સમાજમાં અનેક પ્રસંગો, સમારંભો, પ્રદર્શનો અને અધિવેશનો યોજાય છે. મર્યાદિત સમય અને શકિતના કારણે દરેકમાં હાજરી આપી શકાય નહિ કે દરેકની નોંધ લઇ શકાય નહિ પરંતુ તનની તંદુરસ્તી કથળે નહિ તે ધ્યાનમાં રાખીને બનતા બનાવો તરફ નજર નાંખી લેવી જોઇએ. ઉઘાડી આંખે, સ્થિર ચિત્તે, એકાગ્ર દષ્ટિએ, તટસ્થ વૃત્તિએ માનવી નિહાળે તો તેને ઘણું જાણવાનું મળે કે જેનાથી તેને જીવન જીવવાની સાચી કૂંચી મળી રહે. અનુભવના અનેરા પાઠ એને શીખવા મળે.

પહાડની પાસેથી ઉન્નત, અડગ અને છતાં નમ્ર થવાનો ગુણ શીખવા મળે છે. સાગરની પાસેથી ધીરતા અને ગંભીરતા શીખવાની મળી રહે છે. આમ્રવૃક્ષ પથ્થર મારનારને પણ ફળ આપે છે. ચંદન ઘસનારને સુવાસ અર્પે છે. નદી આપણને શીખવાડે છે કે ભેખડ ( દુઃખ અને મુશીબતોની ) તોડીને કેવી રીતે આગળ વધી શકાય છે. પૃથ્વી ભાર કેવી રીતે વહન કરવો તે બતાવે છે. સુરજ જાગી જગાડીને તેજસ્વીતા દાખવે છે, ચાંદની શીતળતા અર્પે છે, પુષ્પ સુવાસ ફેલાવીને સુંદર દેખાવવાની કળાનો અનુભવ કરાવે છે. વેલી જાત સમર્પીને ઉંચે કેવી રીતે ચઢાય તેનું માર્ગદર્શન આપે છે.

માર્ગદર્શન મોટાઓ પાસેથી મળે છે તેવો ખાસ નિયમ તારવી ન શકાય નાની વયમાં ઉપધાન આદિ ક્રિયામાં ઉલટભેર ભાગ લેનાર બાળકો અને યુવાનો પાસેથી આપણને ત્યાગની દઢ ભાવના કેળવવાનો માર્ગ મળી રહે છે. અશક્ત અને વૃદ્ધ પુરુષો જ્યારે આનંદથી ધર્મારાધના કરે છે ત્યારે આપણે પ્રસન્નતા અનુભવીએ છીએ. મુઝવણમાં ગરકાવ થઇ ગયા હોવ, ચીંતામાં ચકચુર હોઇએ ત્યારે સ્નેહિજનની હાજરી આપણને ખુબજ પ્રેરણાદાયી લાગે છે સાધર્મિક બંધુઓ માટે મોટા ફંડની નજીજ કરનાર પ્રગતિ મંડળના કાર્યવાહકો આપણને સમયના પારખું ભાસે છે. મહાવીર જયંતિ નિમિતે જૈન સમાજના સઘળા ફીરકાઓ એકત્રિત થઇને પ્રસંગની ઉજવણી કરે ત્યારે સંપ અને સંગઠનની અદ્ભુત ભાવનાના દર્શન થાય છે.

પ્રગતિ પ્રેરક પ્રસંગો શહેરમાં જ સર્જાય છે. અને ગામડામાં નજરે નિહાળવા મળતા નથી એવી માન્યતા પણ ભ્રામક છે. અપ્રમત્ત સ્થળ, સંગત, શક્તિ, સંપત્તિ, સમય અને સંજોગો પ્રમાણે માનવી ગ્રહણ કરી શકે છે, કામ ધંધામાં ગરકાવ રહેનાર

ધર્મ ક્રિયા કરી ન શકે તેવું કોઈ કહે તે માની શકાય નહિ. પરંતુ કામ ધંધો અળગો કરીને સંત મહાત્માના સમાગમમાં સિદ્ધક્ષેત્ર જેવી પવિત્ર ભૂમિમાં ધર્મ ક્રિયા સારી રીતે થઈ શકે તે સમજી શકાય તેવી હકીકત છે.

એ સમજી શકાય તેવી હકીકત છે કે બુદ્ધિ પ્રભાના વાચનમાંથી પણ બુદ્ધિ સજાગ બને, વિચારો ઉન્નત થાય, ધર્મ કરણીમાં રસ જાગે તેવી વાંચન સામગ્રી મળી રહે છે અલબત્ત તેનું પ્રમાણ કેટલા ટકા તે તો વ્યક્તિગત વાંચનાર પોતે જ પીછાણી શકે. એ અંગે વાંચકો વિચારે અને આચરણમાં મુકી તંત્રીશ્રીને લખી એવો વિભાગ ચાલુ કરે તો પારાશીશી પરખાઈ જાય. બાકી તો ટીકા કરનારા ટીકા છોડીને ફરીથી સારી બનવાની વાતોને વેગ આપી પોતાની વાણી સાચી ઠેરવવાનો પ્રયત્ન આદરે અને ગુણગ્રાહી, સારી કાર્યવાહી કરનાર, ધર્મ ક્રિયામાં આગે વધનાર, સંયમને દીપાવનારના દષ્ટાંતો ધ્યાનમાં રાખી જીવનને આગે વધારવામાં અને ઉચ્ચતા પ્રાપ્ત કરવામાં ધ્યાન આપે. વિદ્યુતવાણી વહાવવાનો શુભ આશય એજ છે. એને લગતી શબ્દ સામગ્રી તૈયાર કરતી વખતે લેખકને અને વાંચતી વેળાએ વાંચકને શુભ કરણી કરવાની ભાવના વિલસે, બનતા બનાવોની હારમાળામાંથી સારી શીખ મળી રહે અને પ્રગતિ પ્રેરક કાર્યવાહી કરવાની તમન્ના જાગે એજ આશા ઉદ્‌ભવે છે. કંઈ લાખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે એ ન્યાયે અગણિત ઝંઝાવાતો, વિતંડાવાદો, વિખવાદો. મુશીબતોમાંથી સાચો માર્ગ મળી રહેશે તો તંત્રીઓની તમન્ના પણ પૂર્ણ થશે અને બુદ્ધિપ્રભાનું પ્રકાશન પ્રેરણાદાયી લેખાશે.

---

# શ્રી ઘંટાકર્ણ – મહાવીરદેવ

સ્વ. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સુરિશ્વરે ઘણા વર્ષો પૂર્વે શ્રી ઘંટાકર્ણજીની સ્થાપના ગુજરાત વિજાપુરની નજીક મહુડી (મધુપુરી) ગામે કરી છે તે જૈન જૈનેતરો સારી રીતે જાણે છે. તે પછી તે મુર્તિની સ્થાપના (૧) મુંબઈ પાયધુની (૨) મુલુંડ (૩) ભાયખલા (૪) ધોલેરા બંદર (૫) સુરેન્દ્રનગર (૬) અમદાવાદ (૭) માસરરોડ વગેરે સ્થળે થયાનું જાણવામાં છે. હજી માટુંગા, કચ્છ વગેરે સ્થળે તેની સ્થાપના થવાની છે તેના સમાચાર મળ્યા છે.

સ્વ. ગુરૂશ્રીએ ધાર્મીક શંકા સમાધાન નામે બુક ઘણા વર્ષ ઉપર (સં. ૧૯૦૧માં) મંડળ મારફતે પ્રગટ કરાવેલ છે જેમાં શાસ્ત્રીય રીતે સર્વ પ્રકારની શંકા સર્વેનું સમાધાન કરેલ છે. શાસન, રક્ષક અને સમ્યકત્વધારક તથા સંકટ નિવારણ માટે તેમ તેમની પ્રખ્યાતિ ખુબજ થવા પામી છે. દેશ-દેશાંતરેથી છેટે છેટેથી ભાવિકો દર્શનાર્થે આવતા રહ્યા છે. મજકુર પુસ્તકની એક પણ નકલ શીલક ન હોવાથી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે તેની બીજી આવૃત્તિ મોટા ટાઈપે ફોટા સાથે સુંદર રીતે પ્રગટ કરવા નિર્ણય કર્યો છે, જેમાં જ્યાં જ્યાં આ દેવની મુર્તિ હોય ત્યાંના ગામનું નામ, સ્થાપના, સંવત અને મીતી, કોના હસ્તક સ્થાપના થઈ તે હમારી આ બુકમાં પ્રગટ કરવા ઈચ્છીએ છીએ. માટે સર્વને ખાસ કરી પૂજ્ય મુનિરાજો અને ગૃહસ્થોને વિનંતિ કરીએ છીએ કે તેઓ ઉપરની વિગત લખી મોકલાવે. આ પુસ્તકની કિંમત ૦-૧૦-૦ રાખવાની છે, પણ જેઓ ૫૦ થી વધુ નકલો નોંધાવશે તેઓને ૦-૮-૦ પ્રમાણે આપવામાં આવશે માટે ઈચ્છા મુજબ નકલો તાકીદે નોંધાવશો. ઉપર માગેલ સર્વ જવાબો નીચેના સરનામે લખી મોકલવા.

લિ.
મંત્રીઓ

**શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ**
ઠે. ૫૨, ચંપાગલી, મુંબઈ-૨
C/O જયંતિલાલ લલ્લુભાઈ દલાલ

# શાસન સમાચાર—

**ખંભાત**—પૂ. પ. મહોદય સા.જી મ. શ્રી સ્વા૦ તપ૦ સંઘની વિનંતિને માન આપી આળીનું આરાધન કરાવવા પધાર્યા હતા. ઓળી આરાધન વ્યાખ્યાનો વિ. સુંદર થયું હતું અને તેઓશ્રી કપડવંજ પધાર્યા છે.

શ્રી ખંભાત સમગ્ર જૈન સંઘના ઉપક્રમે તા. ૯-૪-૯૦ના રોજ રાત્રે ૮ વાગે ખારવાડાના ચોગાનમાં મહાવીર જન્મ જયંતિ દિને સ્તવન, ગીતો, તેણુજ વક્તવ્યો વિ.નો પ્રોગ્રામ શ્રી **ચીમનલાલ પી. શાહ**ના પ્રમુખપણે રાખવામાં આવેલો જેમાં શરૂઆતમાં શ્રી ભદ્રીબાઇ શ્રાવિકાશાળાની બેનોએ પ્રાર્થના કરી હતી શ્રી કનુભાઈ શાહે પત્રિકા વાંચન કરેલ ત્યારબાદ શ્રી ગુણવંત શાહે સંદેશા વાંચન કરેલ આ પ્રસંગે આવેલા સંદેશાઓમાં મુખ્યત્વે શ્રી રતિલાલ મુળચંદ, શ્રી મોહનલાલ ચોકસી. શ્રી નટવરલાલ એસ. શાહ, પંડિત છબીલદાસ, શ્રી રમેશ શાહ, શ્રી ભગુભાઇ શાહ વિ. ના હતા યતરબાદ આ પ્રસંગે ખાસ વડોદરાથી આવેલા કનુભાઇ એન્ડ પાર્ટીએ, પોતાના પ્રોગ્રામો રજુ કર્યા હતા શ્રી સવિતાબેન તથા ભદ્રીબાઇ જૈ. શ્રાની બહેનો શ્રી નીરૂબેન તથા મનોરમાબેને અને જાણીતા લેખક અને વકીલ શ્રી નાગકુમાર મકાતી, શ્રી બાબુભાઇ કાપડીઆ વિ, એ પ્રાસંગિક પ્રવચન કરેલા પ્રમુખશ્રી તરફથી શ્રી ભદ્રી. શ્રા.ની બંને બેનોને અનુક્રમે રૂા. ૫) તથા રૂા. ૩) સારા વક્તવ્ય તરીકે ઇનામ અપાયું હતું અંતે શ્રી ભદ્રીક કાપડીઆના આભાર દર્શન બાદ આ પ્રોગ્રામ પૂરો થયો હતો આ પ્રસંગની ઉજવણીમાં પ્રોગ્રામના પ્રમુખશ્રીએ રૂા. ૧૫૧) તેમજ બીજાઓએ ફાળો આપ્યો છે.

**છોટાઉદેપુરઃ**— ચૈત્ર સુદ ૧૩ના મહાવીર જયંતિના શુભ પ્રસંગે સવારના આઠ વાગે સ્નાત્ર પુજા ભણાવવામાં આવી હતી. તેમજ બપોરના બે વાગે ધામધુમપૂર્વક ચોસઠ પ્રકારી પુજા ભણાવવામાં આવી હતી તેમજ રાત્રે આઠ વાગે ભાવના રાખી મહાવીર સ્વામી ભગવાનના સ્તવનો ગાઇને ધામધૂમથી ઉત્સાહ પૂર્વક ભાવના કરી હતી.

**બોરસદઃ**— શ્રી નૂતન જૈન પાઠશાળાના ઉપક્રમે શ્રમણુ ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મકલ્યાણક દિને સવારે પ્રભાતફેરી, સામુદાયિક સ્નાત્ર પુજા વિ. રાખવામાં આવેલ ત્યારબાદ બીજા પ્રોગ્રામમાં રાત્રે ૮ વાગે શ્રી શાંતિનાથજીના ચોકમાં પ્રભુ મહાવીરનો સંદેશ 'બુદ્ધિપ્રભા'ના તંત્રી પંડીત છબીલદાસે આપેલ, આ પ્રસંગે ખંભાતવાળા શ્રી ચીમનલાલ ચોકસીએ પણ પ્રાસંગિક પ્રવચન આપેલ, પંડીત છબીલદાસની પ્રેરણાથી માસિક રૂા. ૧, ૨, ૩, ૫, ના સારા એવા પ્રમાણમાં સભ્યો બનતા પાઠશાળાને પણ સારી આવક થશે. પાઠશાળામાં ધા. શિક્ષક નરેશભાઈ પણ સારો એવો રસ ધરાવે છે. હાલ પાઠશાળામાં ૨૫૦ની સંખ્યા છે અને તેમાં ૪૦ પ્રૌઢ ભાઇઓ લાભ લે છે તે ખુબ ખુશ થવા જેવું છે.

**કાળધર્મ પામ્યા**

પૂ૦ શાસન સમ્રાટના પટ્ટધર શ્રી મદ્વિજય **દર્શનસૂરિજી** મ૦ સાહેબના એકાએક પાલીતાણા (સિદ્ધક્ષેત્ર) મુકામે કાળધર્મના સમાચાર સાંભળી સંઘ ગમગીની અનુભવે છે સ્વર્ગસ્થને ભવ્યાંજલિ આપે છે આવા મહા સંત પુરૂષોની દિનપ્રતિદિન જૈન સમાજને ખોટ પડતીજ જાય છે જ્યારે પુરાય છે ઓછી એ બહુ દુઃખનો વિષય છે.

**આણંદઃ**— પૂજ્ય પાદાચાર્ય શ્રીમદ્ કીર્તીસાગરસૂરિજી પુ૦ પં૦ મહોદયસા૦ ગણી આદિ પધારતાં ભવ્ય સામૈયુ થયું હતું અને પૂ૦ આચાર્ય શ્રીનાં ને વ્યાખ્યાથયાં હતાં પૂ૦ આચાર્યશ્રી કપડવંજની વિનંતિનો સ્વીકાર કરી કપડવંજ તરફ પધાર્યા હતા પૂ૦ પંન્યાસજી મ. શ્રીએ ભવાલોમણુ વિ. ધામધૂમ કરાયું હતું શ્રી મણિભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

**કપડવંજ**— પૂજ્યપાદાચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરિ વ્યા. વા. શ્રી દુર્લભસાગરજી મ સાહેબ આદિ શ્રી સંઘની વિનંતિને માન આપી પધારતાં સામૈયું થયું હતું પૂજ્યપાદાચાર્યશ્રીની નિશ્રામાં ઓળીનું આરાધન સુંદર થયું હતું અને પૂજ્યપાદાચાર્યશ્રી આદિના ચાતુર્માસ નિર્ણય સંઘની સાગ્રહ વિનતિને માન આપી કરાવવામાં આવ્યો છે.

# દાણી રમણીકલાલ ચીમનલાલની પ્રેરણાથી થયેલા ગ્રાહકની યાદી

—— પાંચ વરસ ગ્રાહક ——

| નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧ | દાણી પોપટલાલ લક્ષ્મીચંદ | મુંબઈ-૩ |
| ૨ | શાહ ચંદુલાલ રવચંદ | મુંબઈ-૨ |
| ૩ | ભંડારી ડાહ્યાલાલ ભીખાભાઈ | મુંબઈ-૩ |
| ૪ | ઝવેરી એમ. એમ. | મુંબઈ-૩ |
| ૫ | શાહ લહેરચંદ કેશવલાલ | મુંબઈ-૩ |
| ૬ | શાહ અમૃતલાલ મગનલાલ | મુંબઈ-૩ |
| ૭ | શાહ રમણીકલાલ કેશવલાલ | મુંબઈ-૨ |
| ૮ | શાહ ચંદુલાલ મગનલાલ | મુંબઈ-૪ |
| ૯ | શાહ રતીલાલ પરસોત્તમદાસ | મુંબઈ-૩ |
| ૧૦ | શાહ પોપટલાલ ગમલભાઈ | મુંબઈ-૩ |
| ૧૧ | શાહ પોપટલાલ પરસોત્તમદાસ | મુંબઈ-૪ |
| ૧૨ | શાહ શાંતિલાલ મગનલાલ | મુંબઈ-૧૫ |
| ૧૩ | શાહ ડાહ્યાભાઈ રામચંદ | મુંબઈ-૨ |
| ૧૪ | શાહ રાજમલ ચતુરદાસ | મલાડ (ઈસ્ટ) |
| ૧૫ | શાહ વાડીલાલ કાળીદાસ | મુંબઈ-૩ |
| ૧૬ | શાહ જયંતિલાલ ખીમચંદ | મુંબઈ-૫૭ |
| ૧૭ | શાહ હિરાલાલ છગનલાલ | મુંબઈ-૩ |
| ૧૮ | શાહ મણીલાલ લહેરચંદની કું. | મુંબઈ-૩ |
| ૧૯ | શાહ મોતીચંદ હિરાલાલ ભંડારી | મુંબઈ-૧૫ |
| ૨૦ | ઝવેરી અશ્વિનચંદ દયાલચંદ | મુંબઈ-૪ |
| ૨૧ | શાહ જેસંગભાઈ ખેચરદાસ | મુંબઈ-૩ |
| ૨૨ | ,, વાડીલાલ મણીલાલ | મુંબઈ-૩ |
| ૨૩ | ઝવેરી લલ્લુભાઈ તલકચંદ | મુંબઈ-૪ |
| ૨૪ | પરીખ પોપટલાલ મોહનલાલ | મુંબઈ-૧૫ |
| ૨૫ | શાહ સેવંતિલાલ કેશવલાલ | મુંબઈ-૪ |
| ૨૬ | ,, જયંતિલાલ સુંદરલાલ | મુંબઈ-૨ |
| ૨૭ | ,, દલપતભાઈ મંછાચંદ | મુંબઈ-૧૫ |
| ૨૮ | સાકરચંદ એન્ડ બ્રધર્સ | મુંબઈ-૨ |
| ૨૯ | શાહ અમૃતલાલ ઉત્તમલાલ | મુંબઈ-૨ |
| ૩૦ | ,, ભોગીલાલ ચુનીલાલ | મુંબઈ-૨ |
| ૩૧ | ,, સૂરજમલ નગીનદાસ | મુંબઈ-૩ |
| ૩૨ | ,, કેશવલાલ મોહનલાલ | મુંબઈ-૪ |
| ૩૩ | શાહ રમણલાલ પોપટલાલ | મુંબઈ-૨ |
| ૩૪ | ,, અમૃતલાલ ડાહ્યાભાઈ | મુંબઈ-૨ |
| ૩૫ | ,, ગમલભાઈ અમૂલખભાઈ | મુંબઈ-૨ |
| ૩૬ | ,, લક્ષ્મીચંદ મગનલાલ | મુંબઈ-૨ |
| ૩૭ | ,, ચંપકલાલ મણીલાલ | મુ. ગઢ (જી. બનાસકાંઠા) |
| ૩૮ | શાહ મેટલ પ્રેસીંગ વર્કસ | મુંબઈ-૪ |
| ૩૯ | શાહ જયંતિલાલ છોટાલાલ | આમોદ (જી. ભરૂચ) |
| ૪૦ | શાહ હિરાલાલ વાલચંદ | મુંબઈ-૩ |
| ૪૧ | શાહ અંબાલાલ હેમચંદ | મુંબઈ-૨ |
| ૪૨ | શાહ ચીમનલાલ નાગરદાસ | મુંબઈ-૩ |

"બુદ્ધિપ્રભા" નું એ સદભાગ્ય છે કે પ્રારંભથી જ માનદ્ પ્રચારકો એ રીતે સાથ આપતા આવ્યા છે કે જેથી આ પત્રનો ફેલાવો દિન પ્રતિદિન વધતોજ જાય છે એવા જ એક ઉમંગી યુવાન શ્રી રમણિકલાલ દાણીએ બનાવેલ ગ્રાહકોના નામો



આ સાથે રજુ કરીએ છીએ. ભાઈશ્રી દાણીનો કોઈપણ પત્ર એવો નથી હોતો કે જેમાં નવા ગ્રાહકોના નામ ન હોય ! તેઓનો જે સાથ અને સહકાર છે તે વિસરાય તેમ નથી.

—વ્યવસ્થાપકો

# દાણી રમણીકલાલ ચીમનલાલની પ્રેરણાથી થયેલા ગ્રાહકની યાદી

— ત્રણ વરસના ગ્રાહક —

| નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧ | ફકલચંદ તલકચંદ ઝવેરી | મુંબઈ-૪ |
| ૨ | શાહ અમૃતલાલ પીતામ્બરદાસ | મુંબઈ-૩ |
| ૩ | ,, લક્ષ્મીચંદ છગનલાલ | મુંબઈ-૧૫ |
| ૪ | ,, બાદરમલ ઝુમચંદ | મુંબઈ-૭ |
| ૫ | ,, સુરજમલ મગનલાલ | મુંબઈ-૨ |
| ૬ | ,, અમૃતલાલ કાળીદાસ | મુંબઈ-૧૫ |
| ૭ | ,, પોપટલાલ જેઠાભાઈ | મુંબઈ-૪૧ |
| ૮ | ડાહ્યાલાલ ખુબચંદ દાણી | મુંબઈ-૩ |

— એક વરસના ગ્રાહક —

| નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧ | શાહ કકુભાઈ જેચંદભાઈ | મુંબઈ-૩ |
| ૨ | રતનચંદ કલ્યાણચંદ ઝવેરી | મુંબઈ-૩ |
| ૩ | શાહ બાબુલાલ ઝવેરચંદ | મુંબઈ-૯ |
| ૪ | ઝવેરી મુકેશચંદ્ર સુરજમલ | મુંબઈ-૩ |
| ૫ | જીનવાલા બાબુ હિરાલાલ | મુંબઈ-૩ |
| ૫ | પંન્યાસ લલીતવિજયજી મહારાજ C/o. નાથાલાલ જેઠાલાલ શાહ | સમી (જી. મહેસાણા) |
| ૬ | ડાહ્યાલાલ મંછાચંદ | મુંબઈ-૭ |
| ૭ | વાડીલાલ દોલચંદ મોદી | મુંબઈ-૩ |
| ૮ | અમૃતલાલ ખુબચંદ શાહ | મુંબઈ-૨ |
| ૯ | મોહનલાલ ત્રિભોવનદાસ પરીખ | કુંભાસણ (જી. બનાસકાંઠા) |
| ૧૦ | શાહ નગીનદાસ અમૃતલાલ | મુંબઈ-૪ |
| ૧૧ | ભંડારી ધીરજલાલ હિરાલાલ | મુંબઈ-૧૫ |
| ૧૨ | શાહ સારાલાલ કાળીદાસ | ચડોતર (જી. બનાસકાંઠા) |
| ૧૩ | સાયન સોશ્યલ કલબ | મુંબઈ-૨૨ |

# સાંડસા-ચીમનલાલ રતનચંદની પ્રેરણાથી થએલા ગ્રાહકની યાદી

— પાંચ વરસના ગ્રાહક —

| નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧ | સાંડસા ચીમનલાલ રતનચંદ | રાજપુર |
| ૨ | શ્રી રાજપુર જૈન પાઠશાળા | રાજપુર |
| ૩ | શાહ ચીમનલાલ ઘેલાભાઈ | રાજપુર |
| ૪ | ,, રમણીકલાલ ફોજાલાલ | નવાડીસા |
| ૫ | ,, નાનાલાલ પોપટલાલ | નવાડીસા |
| ૬ | શેઠ બાદરમલ નાલચંદ | વાતમ |
| ૭ | શાહ નટવરલાલ કાળીદાસ | નવાડીસા |
| ૮ | ,, મફતલાલ ડાહ્યાલાલ | નવાડીસા |
| ૯ | ,, મોતીલાલ મોહનલાલ | નવાડીસા |
| ૧૦ | ,, નટવરલાલ મણિલાલ | નવાડીસા |
| ૧૧ | ,, પોપટલાલ જેતલાલ | નવાડીસા |
| ૧૨ | ,, બાબુલાલ ચંદુલાલ | નવાડીસા |
| ૧૩ | શેઠ કેશવલાલ નહાલચંદ | જુનાડીસા |
| ૧૪ | શાહ કાન્તિલાલ ચુનીલાલ ડાયાણી | રાજપુર |
| ૧૫ | ,, ખેતસીભાઈ પાનાચંદ | નવાડીસા |
| ૧૬ | શાહ ચંદુલાલ ગુલાબચંદ | રાજપુર |
| ૧૭ | ,, ખુબચંદ જીવરાજ | પાલનપુર |
| ૧૮ | વારીયા મફતલાલ મોહનલાલ | નવાડીસા |
| ૧૯ | વારીઆ નગીનદાસ વાલચંદ | જુનાડીસા |
| ૨૦ | શાહ લહેરચંદ હંસરાજ | નવાડીસા |
| ૨૧ | ,, ભોગાલાલ જેસાવરમલજી | નવાડીસા |
| ૨૨ | ,, કાંતીલાલ તારાચંદ | કોલાપુર |
| ૨૩ | ,, ધરમચંદ ખેતસીભાઈ | કોલાપુર |
| ૨૪ | શેઠ ફકીરચંદ છનાલાલ | કોલાપુર |
| ૨૫ | શાહ મણિલાલ પરસોત્તમદાસ | કોલાપુર |
| ૨૬ | ,, મનુભાઈ બુધાલાલ | કોલાપુર |
| ૨૭ | ,, ચુનીલાલ ભાઈચંદ | |
| ૨૮ | પરીખ મણીલાલ ભીખાભાઈ | કોલાપુર |
| ૨૯ | શાહ રમેશચંદ્ર ભીખાલાલ | કોલાપુર |

( વધુ આવતા અંકે )

# ★ અમારી સંસ્થાના માનદ પ્રચારકો ★

૧ શા. નાનાલાલ હીરાલાલ એન્ડ કું.
એડન કેમ્પ ( એરેબીઆ )
૨ દાણી સેવંતીલાલ ચીમનલાલ
ઠે. ૪૦ બરતલ્લા સ્ટ્રીટ કલકત્તા-૭
૩ શા. ચીમનલાલ રતનચંદ સાંઢસા
ઠે. શાહુપુરી પેંઠ, કોલ્હાપુર ( મહારાષ્ટ્ર )
તથા
ડીસા, રાજપુર જી. ( બનાસકાંઠા )
૪ દાણી રમણીકલાલ ચીમનલાલ
જૈન સોસાયટી પ્લોટ નં. ૧૪૭
બીજે માળે મુંબઇ નં.-૨૨
૫ શા. જયંતીલાલ લલ્લુભાઈ દલાલ
ઠે. ૫૨, ચંપાગલી મુંબઈ નં.-૨
૬ શ્રી ગણેશ પરમાર
ઠે. લ્હેરી મેન્શન, કમલ ટોકીઝ સામે,
ત્રીજે માળે, મુંબઇ નં.-૪
૭ શ્રી પ્રતાપરાય ડી. શાહ ( થેરડીકર )
ઠે. ૭, બીજે ભોઈવાડો, મુંબઇ નં-૨
૮ શા. રજનીકાંત ગીરધરલાલ
ઠે. ૫૫, શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે,
મુંબઈ નં-૩
૯ શા. બાબુભાઈ સાકરચંદ વિજાપુરવાલા )
C/o. બાબુભાઈ રમણલાલ ટોપીવાલા
ઠે. ધનજી સ્ટ્રીટ, બીજી અગીયારી લેન
મુંબાઈ નં-૩
૧૦ શા અમૃતલાલ સાકરચંદ
ઠે. ઝવેરીવાડ, આંબલીપોળ અમદાવાદ
૧૧ શા. નાગરદાસ અમથાલાલ ( મહુડીવાલા )
ઠે. ૨૧, જૈન સોસાયટી, એલીસબ્રીજ
અમદાવાદ-૬
૧૨ શ્રી સાગરગચ્છ કમિટિની પેઢી
ઠે. પદ્મપ્રભુ જૈન દેરાસર, મુ. સાણંદ
૧૩ શા. દલસુખભાઇ ગોવિંદજી મહેતા મુ. સાણંદ
૧૪ શા. કાંતિલાલ રાયચંદ મહેતા મુ. સાણંદ
૧૫ ગાંધી પોપટલાલ પાનાચંદભાઇ ( ધોલેરાવાલા )
મુ. ધંધુકા
૧૬ શા. મહાસુખલાલ અમૃતલાલ ( કારપીટીઆ )
મુ. પાટણ
૧૭ શા પોપટલાલ પાનાચંદભાઈ
ઠે. નવધરી. જી, વડોદરા, મુ. પાદરા
૧૮ ડૉ. બાબુભાઈ મગનલાલ મુ મહેસાણા
૧૯ શા. ભોગીલાલ નરોત્તમદાસ ( ધોલેરાવાળા )
મુ. સુરેન્દ્રનગર
૨૦ શા. ન્યાલચંદ ડાહ્યાભાઈ
મુ. શિયાણી ( વાયા. લીંબડી )
૨૧ શ્રીમદ્ બુદ્ધિસાગરસુરિ જૈન જ્ઞાનમંદિર
મુ. વિજાપૂર ( ઉ. ગુ. )
૨૨ શા. ભોગીલાલ અમથાલાલ બખારીવા
મુ વિજાપુર ( ઉ. ગુ. )
૨૩ શા. બાપુલાલ મોતીલાલ વાસણના વેપારી
ઠે. કંસારા બજાર નડીઆદ
૨૪ શા. લલ્લુભાઇ રાયચંદ
C/o. ભારત વૉચ કું.
સ્ટેશન રોડ- આણંદ
૨૫ શા. માનચંદ દીપચંદ પૂના સીટી
૨૬ શા. નરોત્તમદાસ બેચરદાસ
C/o, અશોકકુમાર રમણલાલ એન્ડ કું.
૮૭/ભવાનીપેઠ, પુના-૨
૨૭ શા. અંબાલાલ ચુનીલાલ હીરાપુર મુ. બારેજડી
૨૮ શા રસીકલાલ ચંપકલાલ માસારોડ,
૨૯ શા. લાલચંદ ભાયચંદ ( ચાવાળા )
C/o. કીરીટકુમાર નટવરલાલ
ઠે. નવા બજાર, મીયાંગામ કરજણ
૩૦ શ્રી પ્રકાશ જૈન ( ગારીયાધારકર ) મુંબઈ
૩૧ શ્રી હસમુખલાલ બી ઝવેરી
ઠે મારવાડી બીલ્ડીંગ, દીલ્હી ચકલા
ચાર રસ્તા અમદાવાદ
૩૨ શા મનુભાઇ ખીમચંદ
આંકલાવ ( તા. બોરસદ )
૩૩ રમેશચંદ્ર ટી શાહ
મહાત્મા ગાંધીરોડ, સીકંદરાબાદ
૩૪ રમણિકલાલ ગીરધરલાલ શાહ
ખેતવાડી, યુનીયન હાઇસ્કૂલ સામે, મુંબઇ-૪
૩૫ દેવકુંવરબેન મગનલાલ શાહ
વણીક નિવાસ, ગુરુકુલલેન, ઘાટકોપર

BUDDHIPRABHA REGD. NO. B. 9045
Regd. as a newspaper by the Registrar of Newspaper-New Delhi.

## 'બુદ્ધિપ્રભા'
## ને સહાયક થવાના પ્રકારો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રૂા. | ૨૫૧) | આપનાર | સભ્ય | પેટ્રન | મેમ્બર | ગણાશે |
| ,, | ૧૫૧) | ,, | ,, | આશ્રયદાતા | ,, | ,, |
| ,, | ૧૦૧) | ,, | ,, | આજીવન | ,, | ,, |
| ,, | ૫૧) | ,, | ,, | શુભેચ્છક | ,, | ,, |
| ,, | ૧૧) | ,, | ,, | પાંચ વર્ષના ગ્રાહક | | ગણાશે |
| ,, | ૭) | ,, | ,, | ત્રણ ,, | ,, | ,, |
| ,, | ૨.૫૦ | ,, | ,, | વાર્ષિક ,, | ,, | ,, |

## 'બુદ્ધિપ્રભા' જાહેર ખબરના ભાવ

| પેજ | વાર્ષિક | છમાસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ૧ | રૂા. ૧૨૫ | રૂા. ૭૫ | રૂા. ૪૦ | રૂા. ૧૫ |
| ૦॥ | ,, ૭૫ | ,, ૪૦ | ,, ૨૦ | ,, ૮ |
| ૦। | ,, ૪૦ | ,, ૨૦ | ,, ૧૦ | ,, ૫ |
| ૧/૮ | ,, ૨૫ | ,, ૧૩ | ,, ૭ | ,, ૩ |

ટાઈટલ પેજ તથા અન્ય કંઈપણ માટે પત્રવ્યવહાર કાર્યાલયના સરનામે કરવો.

★ 'બુદ્ધિપ્રભા' કાર્યવાહક મંડળ ★

શ્રી મનુભાઈ ચીમનલાલ ચોકસી
,, પ્રવિણચંદ્ર રતીલાલ શાહ
,, રસીકલાલ મણીલાલ શાહ
,, નવિનચન્દ્ર મંગળદાસ શાહ
,, ભદ્રિકલાલ ચંદુલાલ શાહ

શ્રી મનુભાઈ મંગળદાસ શાહ
,, સુરેન્દ્રકુમાર જીવાભાઈ કાપડિયા
,, ભદ્રિકલાલ અમૃતલા ચોકસી
,, રસીકલાલ ચીમનલાલ ચોકસી
,, યશવંતકુમાર ૭ બી લ દા સ

શ્રી ભરતકુમાર ચીમનલાલ શાહ
,, કુસુમચન્દ્ર કેશવલાલ શાહ
,, જગદીશચન્દ્ર કેશવલાલ શાહ
,, રમેશચંદ્ર જયંતિલાલ કાપડિયા
,, મનુભાઈ ચીમનલાલ વીયા
,, દિનેશચંદ્ર કાન્તિલાલ વીયા

આ પત્ર શાંતિલાલ મગનલાલ ગાંધીએ અરુણોદય પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી શાહ હિંમતલાલ છોટાલાલે ત્રણદરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.